શિક્ષાપત્રી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૫

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ-૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

સ્વસ્તિકઃ માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

અષ્ટકોણઃ ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

ઊર્ધ્વરેખાઃ ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

અંકુશઃ સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

ધ્વજઃ અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

વજઃ ભગવત્સ્વરૂપનું વજ જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મઃ જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ: ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

જવ: અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

મીન: સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

ત્રિકોણ: જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

ધનુષ: અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

ગોપદ: ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

વ્યોમ: ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

અર્ધચંદ્ર: ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

કળશ: ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.

સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

	સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ.	
	શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ.	
	સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ.	
	શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ.	
	અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ.	

જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||

જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

અર્પણ

અનંતકોટી મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

અનાદિ મહામુક્તરાજ

પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના

ચરણકમળોમાં સાદર સમર્પિત

રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના

ચરણકમળમાં શતકોટી વંદન!

સંસ્થાપક

અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે;

તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

શિક્ષાપત્રી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૫

• સંસ્થાપક •

અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

* પ્રકાશન સમિતિ *

: પ્રેરક – માર્ગદર્શક :

*** અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ***

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં ઇ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

આવૃત્તિ : પાંચમી   ***પ્રત*** : ૧૦,૦૦૦

ઈ. સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી સં. ૨૦૬૯, મહા સુદ છઠ

સેવા મૂલ્ય : રૂ. ૫/-

પ્રકાશક

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
Website : www.shriswaminarayandivinemission.org
E-mail : info@shriswaminarayandivinemission.com

: મુદ્રક :

મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ, આંબલી ગામ, અમદાવાદ.

નિવેદન

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર થઈ, માનવ સમાજના આત્યંતિક ઉત્કર્ષ અર્થે સ્વહસ્તે શિક્ષાપત્રી રચી સમગ્ર માનવકુળ ઉપર મહાન કૃપા કરી છે ને તે મુજબ જીવન જીવે તેનું પરમ કલ્યાણ કરવાનું વરદાન પણ આપ્યું છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન તરફથી સંસ્થાના પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કરની પ્રેરણા ને માર્ગદર્શન હેઠળ પ્રકાશિત થયેલ આ દિવ્ય ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં શિક્ષાપત્રીના મૂળ ૨૧૨ સંસ્કૃત શ્લોકો, તેના ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ સહિત આપવામાં આવ્યા છે. તદુપરાંત બાહ્ય પૂજાવિધિ, માનસી પૂજાવિધિ, જનમંગલ સ્તોત્ર નામાવલી વગેરેનો પણ આમાં નિત્ય સ્વાધ્યાય માટે સમાવેશ કર્યો છે. જે સૌ કોઈને ઉપયોગી થશે.

આ અલૌકિક લઘુગ્રંથની પાંચમી આવૃત્તિ પ્રકાશિત કરવામાં સેવારૂપ થનાર સૌ ઉપર પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, પ. પૂ. બાપાશ્રી તથા સત્સંગ સમુદાયની પ્રસન્નતા સદાય વરસતી રહો એ જ અભ્યર્થના.

સં. ૨૦૬૯, મહા સુદ છઠ — **પ્રકાશન સમિતિ**

ઈ.સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

વિષયાનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન
૧.	શિક્ષાપત્રી ધ્યાન શ્લોકો	૧
૨.	શિક્ષાપત્રી	૭
૩.	જનમંગલ સ્તોત્રમ્	૧૨૧
૪.	જનમંગલ નામાવલી	૧૩૦
૫.	શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટક	૧૩૭
૬.	ધ્યાન માળા - કવિશ્રી રસીકદાસ કૃત	૧૪૧
૭.	થાળ	૧૫૪
૮.	આરતી	૧૫૬
૯.	સ્તુતિ - જનમ્યા...	૧૫૭
	ત્વમેવ માતા...	
	નિજાશ્રિતાનાં....	
૧૦.	પ્રાર્થના - નિર્વિકલ્પ...	૧૫૯
૧૧.	બાહ્ય પૂજાવિધિ	૧૬૧
૧૨.	માનસી પૂજાવિધિ	૧૬૪

શિક્ષાપત્રી ધ્યાન શ્લોક

श्री स्वामिनारायणो विजयतेतराम् ।

विज्ञाने विलयं गते प्रसरति क्षोण्यां तमस्यान्तरे
दिग्मूढेषु भवाध्वगेषु परितः पीडैकशेषे विधौ ।
कारुण्यादवतीर्य मुक्तिजननीं शिक्षामदाद्यामिमां
साक्षादक्षरदिव्यधामनिलयस्तामन्वहं चिन्तये ।।१।।

જ્યારે જગતમાં વિજ્ઞાનનો વિલય થયો અને અંતરના અજ્ઞાનરૂપ અંધકારનો પ્રસાર થયો અને સંસારમાર્ગમાં ભ્રમણ કરતા પ્રાણીઓ દિગ્મૂઢ થયા એટલે કર્તવ્યાકર્તવ્યમાં ભ્રાન્ત થયા અને વૈદિક કર્મ માત્રનું સર્વ પ્રકારે કેવળ પ્રાણીઓને પીડા કરવામાં જ પર્યવસાન થયું ત્યારે કેવળ કરુણાથી જ સાક્ષાત્ અક્ષરધામાધિપતિ સ્વયં શ્રીહરિ અવતાર ધારણ કરીને મોક્ષ કરનારી જે શિક્ષાને આપતા હવા તે આ શિક્ષાપત્રીનું હું પ્રતિદિન ધ્યાન કરું છું. ।।૧।।

संसारकर्दमविवर्तनपङ्कलानां नैर्मल्यमाकलयितुं
रचितावताराम् ।

आविद्यसन्तमसनिर्हरणे समर्थामादेशपत्री !

भवतीमनुचिन्तयामि ।।२।।

સંસારરૂપી કાદવમાં ચારે તરફ આળોટણથી કાદવવાળા થયેલા મનુષ્યોને નિર્મળ કરવા માટે જેનો અવતાર થયો છે અને અવિદ્યારૂપી ગાઢ અંધકારને ટાળવામાં સમર્થ એવી હે શિક્ષાપત્રી! તારું હું ચિંતવન કરું છું. ।।૨।।

काऽप्यञ्जनशलाकेयमन्तस्तिमिरहारिणी ।

प्रज्ञाद्रष्टिप्रकाशाय शिक्षापत्र्युपसेव्यताम् ।।३।।

આ શિક્ષાપત્રી, અંતરના તિમિર (અજ્ઞાનરૂપ દોષ)ને હરનારી કોઈ અપૂર્વ અંજનશલાકા (અંજન કરવાની સળીરૂપ) છે માટે તે પ્રજ્ઞારૂપી દૃષ્ટિના પ્રકાશ માટે સર્વ કોઈએ ઉપસેવન કરવા યોગ્ય છે. ।।૩।।

नानादेशनिवासिशिष्यजनतामुद्दिश्य याऽऽविष्कृता

साक्षादरक्षरवासिना नृवपुषा नारायणेन स्वयम् ।

सा त्वं सङ्ग्रथितासि पावनि! शतानन्दर्षिणा ग्रन्थतः शिक्षापत्री!

भवापहन्त्रि! भवतीमम्बान्वहं चिन्तये ।।४।।

જે આ શિક્ષાપત્રી નાના પ્રકારના દેશમાં રહેલા શિષ્ય

સમૂહોને ઉદ્દેશીને સાક્ષાત્ અક્ષરધામનિવાસી મનુષ્યમૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે આવિષ્કાર કરેલી છે તે તું હે પાવનિ! શતાનંદ મુનિએ ગ્રંથમાં ગ્રંથિત કરેલી છો, સંસારને નિવૃત્ત કરનારી હે શિક્ષાપત્રી માતા! તમારું હું પ્રતિદિન ચિંતન કરું છું. ।।૪।।

शतानन्देन मुनिना मध्ये सत्सङ्गिजीवनम् ।

ग्रथितां भगवत्प्रोक्तां शिक्षापत्रीमहं श्रये ।। ५ ।।

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં લખેલી અને શ્રી શતાનંદ મુનિએ શ્રી સત્સંગિજીવન ગ્રંથના મધ્યમાં ગ્રથિત કરેલી એવી શિક્ષાપત્રીનો હું આશ્રય કરું છું ।।૫।।

समस्तशास्त्रदुग्धाब्धिमध्योध्धृतमनुत्तमम् ।

शिक्षापत्र्यमृतं किश्चिदमृतत्वाय कल्पते ।।६।।

સમસ્ત શાસ્ત્રરૂપી ક્ષીરસાગરના મધ્યમાંથી ઉદ્ધાર કરેલું સર્વોત્તમ શિક્ષાપત્રીરૂપ કોઈ અપૂર્વ અમૃત મનુષ્યોના અમૃત (મોક્ષ) માટે કલ્પાય છે. અર્થાત્ જે પાન કરે તેનો મોક્ષ થાય છે. ।।૬।।

शिक्षापत्र्यामृतं यदेव सहजानन्दः शरण्यः सतां देवः

प्राशयदाश्रितानिह मुकुन्दानन्दमुख्यान् पुरा ।

यत्पीत्वा प्रभवन्ति सम्पदमनायासेन तामासुरीमुच्छेत्तुं
तदुपास्महे भवभयप्रध्वंसनैकौषधम् ।।૭।।

સત્પુરુષોના શરણ્ય રક્ષક એવા શ્રી સહજાનંદ સ્વામી દેવે જે શિક્ષાપત્રીરૂપ અમૃત આ લોકમાં મુકુંદાનંદાદિક આશ્રિતોને પ્રથમ પાન કરાવતા હવા તે શિક્ષાપત્રીરૂપી અમૃતને પાન કરીને દૈવી મનુષ્યો અનાયાસથી પ્રસિદ્ધ એવી આસુરી સંપત્તિનો ઉચ્છેદ કરવાને માટે સમર્થ થાય છે. સંસારરૂપી રોગને નાશ કરવામાં મુખ્ય ઔષધરૂપ એવું તે શિક્ષાપત્રીરૂપી અમૃતનું અમો ઉપાસન કરીએ છીએ. ।।૭।।

संसारसागरगतान्स्वयमुद्दिधीर्षुः
श्रेयस्तदेकमखिलेष्वभिकाङ्क्षमाणः ।
आदेसमालिखितुमाद्रतपत्रलेखो नारायणः
स्फुरतु मे हृदि वर्णिवेषः ।।૮।।

સંસારસાગરમાં પડેલાં પ્રાણીઓનો ઉદ્ધાર કરીને તેમનું આત્યંતિક શ્રેય કરવાની ઇચ્છાથી ઉપદેશ લખવા માટે જેમણે પત્રલેખનો સ્વીકાર કર્યો છે એવા વર્ણિવેષ શ્રી નારાયણ મુનિ મારા હૃદયમાં સદા સ્ફુરણાયમાન રહો. ।।૮।।

व्यञ्जयन्नाश्रितस्नेहं मुग्धस्मितमुखाम्बुजः

आदेशमालिखन्नस्तु हृदि मे धर्मनन्दनः ।।९।।

આશ્રિતોની ઉપર સ્નેહને સૂચવતા અને સુંદર મંદહાસવાળું મુખકમળ જેમનું છે અને શિક્ષાપત્રીને લખનારા ધર્મનંદન એવા શ્રીહરિ મારા હ્દયમાં સદા રહો. ।। ૯ ।।

स्वामिनारायणस्यैतत्स्वरूपमपरं हरेः ।

शिक्षापत्र्यात्मना भूमौ चकास्त्यखिलमंगलम् ।।१०।।

શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીહરિનું, સર્વ કોઈનું મંગળ કરનારું આ બીજું સ્વરૂપ શિક્ષાપત્રીરૂપે પૃથ્વી ઉપર પ્રકાશે છે એટલે વર્તે છે. ।। ૧૦ ।।

शिक्षापत्री ! समस्तशिष्यनिवहैरभ्यर्थितेनादरात्

देवेनाखिलकारणेन सहजानन्देन याऽऽविष्कृता ।

तां त्वां सर्वफलप्रदां भगवतो देवस्य तस्यापरां

मूर्तिं देवि ! विभावयन्ननुदिनं सेवे मुहुः प्रेमतः ।। ११ ।।

હે શિક્ષાપત્રી ! સમસ્ત શિષ્યસમૂહોએ આદરતાથી પ્રાર્થના કરેલા, સર્વના કારણ, દેવાધિદેવ એવા શ્રી

સહજાનંદ સ્વામીએ જેનો આવિષ્કાર કરેલો છે, સર્વ ફળને આપનારી તે તને 'દેવ એવા ભગવાનની બીજી મૂર્તિ છે' એવી ભાવનાથી હે અમૃતા! હું પ્રતિદિન પ્રેમથી સદા સેવું છું. ॥૧૧॥

शिक्षापत्र्यामृतं हिताय जगतामाविष्कृतं यन्मया
मद्भक्तैरिदमादरादनुदिनं सेव्यं समस्तैरपि ।
इत्यादिष्टमनुस्मरन् भगवतः प्रेम्णान्वहं यः पठेत् ।
शिक्षापत्रीमिदं स याति परमं धामाक्षरं शाश्वतम् ॥१२॥

'જગતના હિત માટે મેં જે શિક્ષાપત્રીરૂપી અમૃત પ્રકટ કર્યું છે તે આ અમૃત સમસ્ત મારા ભક્તોએ પ્રતિદિન આદરતાથી સેવવા યોગ્ય છે.' આવી ભગવાનની આજ્ઞાને અનુસ્મરણ કરીને જે પુરુષ પ્રેમથી આ શિક્ષાપત્રીનો પાઠ કરે છે તે સનાતન પરમ અક્ષરધામને પામે છે. ॥૧૨॥

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

શિક્ષાપત્રી

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये।।१।।

શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રી લખતા થકા પ્રથમ પોતાના ઇષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે : હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે, તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે. ।।૧।।

Shri Sahajanand Swami contemplates in His heart His beloved deity Shri Krishna as an auspicious beginning before writing this Shikshapatri for His devotees, : contemplate Lord Krishna in My heart", says He. Shri Krishna, on whose left side Radhikaji is residing and in His heart Laxmiji is residing, is roaming around in Vrindavan. || 1 ||

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।

नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ।।२ ।।

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે તે અમે, જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રી લખીએ છીએ.।।૨।।

I, Sahajanand Swami, residing at Vrittalaya, am writing this Shikshapatri for all my devotees and all my followers who are residing at various places in different countries. || 2 ||

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।

यावयोध्याप्रसादाख्य रघुवीराभिधौ सुतौ ।।३ ।।

શ્રી ધર્મદેવથકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઇચ્છારામજી; તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે - (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે). ।।૩।।

My brothers, Shri Rampratapji and Shri Iccharamji who are born through Shri Dharmadev, and their respective sons whose names are Shri

Ayodhyaprasad and Shri Raghuveer -whom I have adopted as sons and have assigned them the duty of the Acharyaship of My devotees. || 3 ||

मुकुंदानंदमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।

गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ।।४ ।।

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ।।૪।।

And My devotees like Mukundananda etc. who are staunch celibates and My devotees like Mayaram Bhatt etc. who are householder disciples. || 4 ||

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।

मुक्तानंदादयो ये स्युः साधवश्चाखिला अपि ।।५ ।।

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ. ।।૫।।

And all the women who are married or widowed as well as all the saints like Muktananda etc.. || 5 ||

स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः ।

श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ।।६ ।।

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ।।૬।।

And to all those (mentioned in previous Shlokas), I convey My blessings with the remembrance of Shrimannarayan; these blessings are in accordance with the scriptures and protect My followers' religion. || 6 ||

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।

अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ।।७।।

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે, તે સર્વે તેમણે એકાગ્ર મનવડે કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વના જીવને હિતની કરનારી છે. ।।૭।।

And one must contemplate in their heart solely, the purpose of writing this Shikshapatri; and this Shikshapatri, written by Me, is for the welfare of all the living souls. || 7 ||

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।

सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ।।८।।

અને શ્રીમદ્ ભાગવતપુરાણ આદિક જે સચ્છાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસાદિક સદાચાર તેમને, જે મનુષ્ય પાળે છે, તે મનુષ્ય જે તે, આ લોકને વિષે ને પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

A person, who is practicing non-violence etc. code of conduct which are prescribed by Shrimad Bhagwat, Puranas etc. scriptures for the welfare of the soul, attains the eternal bliss in this world as well as in the next world, also. || 8 ||

तानुल्लंघ्याऽत्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।

त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि॥९॥

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે ને આ લોક તથા પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

And a person, who disobeys 'Sadachaar' i.e. code of conduct and behaves in reckless manner, is with distorted perception and obviously attains great misery and sufferrings in this world as well as in the next world. || 9 ||

अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाखिलैः ।

प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरंतरम्॥१०॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે, તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

Therefore, O' My devotees, all of you must always follow the Shikshapatri passionately, faithfully and carefully and never disobey the teachings of the Shikshapatri. || 10 ||

कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः ।

सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्धया कदाचन॥११॥

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે, અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવાં જૂ, માંકડ, ચાંચડ, આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

Now, I am explaining the code of conduct. My devotees should never kill any living being. And even the smallest living beings like bees and bugs etc. should never be killed knowingly. || 11 ||

देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ।।१२।।

અને દેવતા અને પિતૃ તેમના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી; કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ।।૧૨।।

And goats, deer, rabbits, fish etc. animals should not be sacrificed even to please the deity and Pitrus as all the scriptures say that non-violence is the supreme doctrine. || 12 ||

स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित्
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ।।१३।।

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ।।૧૩।।

And violence should never be committed by any means against a human being to attain woman, wealth or kingdom (power). || 13 ||

आत्मधातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।

अयोग्याचरणात् क्वापि न विषोद्बन्धनादिना ।।१४ ।।

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો; અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય, તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો. અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઇત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

And one should never commit suicide even at the places of pilgrimage or out of anger. And one should not commit suicide in a confused state of mind as a result of improper conduct. Moreover, one should never commit suicide by consuming poison, by hanging through a rope, by jumping into a well, by falling from a mountain or by any such methods. || 14 ||

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।

न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ।।१५ ।।

અને જે માંસ છે, તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું; અને ત્રણ પ્રકારની

સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય, તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. ॥૧૫॥

Now, meat should never be consumed, evenif, it has been offered as a sacrifice. Even during the emergency of life and death meat should never be consumed. Three types of alcoholic liquors and eleven types of wines also should not be consumed, evenif, they have been offered to deities. || 15 ||

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।

अंगच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा॥१६॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય, તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું; અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥૧૬॥

And if one has committed some improper action or someone else has committed improper action, one should not cut or damage one's own body parts or that of others with any type of weapon; out of anger and also one should not commit such acts. || 16 ||

स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।

सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया॥१७॥

ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું; અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

My devotees should not perform theft for the sake of religion also. Even the things like wooden sticks, flowers etc. should not be taken without the permission of the owner. || 17 ||

व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।

द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भंगादिमादकम्॥१८॥

અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો; અને જૂગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો. અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનાર વસ્તુ તે ખાવાં નહિ અને પીવાં પણ નહિ. ॥૧૮॥

And all My devotees, men and women, should not commit adultery, should give up vices like

gambling etc. and should never consume intoxicating substances like opium, hashish, hemp, marijuana etc.. || 18 ||

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।

जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ।।१९।।

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ, તે ખપતું ન હોય, તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી- ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું; અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ।।૧૯।।

Food cooked by certain people and the water from the pots of certain people is forbidden to consume. Such cooked food and water should not be consumed, evenif, they are offerings to Shri Krishna Bhagwan at the places of pilgrimage other than Jagannathpuri. And in Jagannathpuri, offerings to Lord Jagannathji can be consumed; that is not forbidden. || 19 ||

मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये ।

नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ।।२०।।

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ, કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો; અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ।।૨૦।।

And even to accomplish one's own selfish motives, one should neither make false allegations against anyone nor abuse anyone in any case. || 20 ||

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।

वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ।।२१।।

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ, એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ।।૨૧।।

And God, holy places, Brahmin, devoted wife, saint and Vedas should never be criticized nor be an audience to their criticism. || 21 ||

देवतायै भवेद्यस्य सुरामांसनिवेदनम् ।

यत्पुरोऽजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ।।२२।।

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય, તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ।।૨૨।।

And the deities to whom meat and wine are being

offered and for whom goats etc. living beings are being sacrificed, the offerings to such deities should not be accepted. || 22 ||

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।

प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ।।२३।।

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે, તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદરથકી તે દેવનું દર્શન કરવું. ।।૨૩।।

And while passing through a road if one comes across a temple like 'Shivalaya', one should visit the temple and bow down to the God respectfully. || 23 ||

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।

परधर्मो न चाचर्यो न च पाषंडकल्पितः ।।२४।।

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ, તે કોઈ સત્સંગીએ ત્યાગ કરવો નહિ; અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિતધર્મનું આચરણ ન કરવું. ।।૨૪।।

And the devotees should never abandon their duties as per their caste and category and should not

perform other duties and should not practice hypocracy or some fictious religion. || 24 ||

कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।

स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ।।२५।।

અને જેનાં વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ, એ બે થકી પડી જવાય, તેના મુખથકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ।।૨૫।।

And one should not listen to the narratives of God from someone whose statements offend or distract one from the devotion of Shri Krishna Bhagwan and from following one's religion. || 25 ||

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।

कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित्।।२६।।

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન, તે ક્યારેય ન બોલવું. અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ।।૨૬।।

And a truth, which offends one's own self and offends others also, should never be uttered. And one should

avoid the company of ungrateful people and one should not accept bribe for any worldly duty. || 26 ||

चोरपापिव्यसनिनां संगः पाषंडिनां तथा ।

कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम्।।२७।।

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો - એ છ પ્રકારનાં મનુષ્ય, તેમનો સંગ ન કરવો. ।।૨૭।।

One should avoid the company of six types of people that are either a thief or a sinner or a person full of vices or a hypocrite or a person with strong sexual desires, or a person who cheats people by his tricks. || 27 ||

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।

पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न संङ्गमः।।२८।।

અને જે મનુષ્ય, ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપથકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ।।૨૮।।

And if a person commits the sins due to his

strong desires for the women, wealth or taste and justify them on the basis of devotion and knowledge, then the company of such person should be avoided. || 28 ||

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।

कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन।।२९।।

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર, તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવાં જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥૨૯॥

And the scriptures, which deny Shri Krishna Bhagwan and the incarnations of Shri Krishna Bhagwan like Varah etc. through logical theories, should not be followed and listened to. || 29 ||

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।

स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा।।३०।।

અને ગાળ્યા વિનાનું જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

And one should not drink unfiltered water and

milk and the water in which there are small insects should not be used for having bath or any such purpose. || 30 ||

यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा ।

अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित्।।३१।।

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું; અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ।।૩૧।।

And the medicine which consists of wine or meat should never be consumed; also the medicine given by a physician (Vaidya) whose conduct is not known to us, should never be consumed. || 31 ||

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।

मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ।।३२।।

અને લોક અને શાસ્ત્ર તેમણે, મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યાં એવાં સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફૂલવાડી-બગીચા એ આદિક જે સ્થાનક, તેમને વિષે

ક્યારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ.।।૩૨।।

And the places like old and unrenovated temple, banks of river and lake, road, cultivated fields where seeds are sown, shadow of a tree, orchards and gardens are forbidden to excrete i.e. to eliminate bodily wastes according to society as well as scriptures, one should never even spit at such places. || 32 ||

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।

स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ।।३३।।

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ; અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો.।।૩૩।।

And one should not enter or exit a place stealthily. One should not stay in a place which belongs to someone else without the permission of the owner. || 33 ||

ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पुरुषैः ।

न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ।।३४।।

અને અમારા સત્સંગી જે પુરુષમાત્ર, તેમણે બાઈ

માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો.।।૩૪।।

And My male devotees should not listen to the narratives of knowledge from female devotees and should not get involved in discussion with the ladies and should not get involved into arguments with king or government officials. || 34 ||

अपमानो न कर्तव्यो गुरुणां च वरीयसाम् ।
लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ।।३५।।

અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ।।૩૫।।

And one should not insult one's Guru, also one should not insult all those people who are either virtuous, or respectable or learned or armed people. || 35 ||

कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यं सङ्गोऽन्वहं सताम्।।३६।।

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું; અને ધર્મસંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું; અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી; અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

And one should not perform any deed without thinking. One should perform one's religious duties immediately. One should teach others the skills one has mastered and one should regularly be in company of saints. || 36 ||

गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः ।

विश्वासघातो नो कार्यः स्वश्लाधा स्वमुखेन च ॥३७॥

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. ॥૩૭॥

And one should not go empty handed for the Darshan of or to visit the Guru, God and the king. One should not break the trust placed by someone i.e. should not commit treachery. One should never praise one's own self. || 37 ||

यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः ।
तद्दृष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ।।३८।।

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાનાં અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર, તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ।।૩૮।।

And the clothes which display one's body-parts, such shameless clothes should not be adorned by My devotees. || 38 ||

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ।।३९।।

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવાં જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ।।૩૯।।

And one should worship Shri Krishna Bhagwan alongwith proper code of conduct and one should not give up serving Shri Krishna Bhagwan due to fear of censure (criticism) of ignorant people. || 39 ||

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।
पुम्भिः स्पृश्या न वनितास्तत्र तामिश्च पूरुषाः ।।४०।।

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્યપ્રત્યે, શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ, તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો; અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

And on festival days as well as everyday the male devotees should not touch the female devotees and the female devotees should not touch the male devotees in the temple of Shri Krishna and after leaving the temple they should follow proper code of conduct. || 40 ||

कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्ये नित्यं चोर्ध्वपुंड्रं ललाटादौ द्विजातिभिः ॥४१॥

અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે, કંઠને વિષે તુળસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

And the Brahmin, Kshatriya and Vaishya devotees, who have been initiated as the disciples of Shri

Krishna by the religiously appointed Guru, should always wear double-folded Tulsi Mala and Urdhvapundra Tilak on their forehead, chest and arms. || 41 ||

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः ।

कार्यं पूजावशिष्टेन केशरादियुतेन च।।४२।।

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર - કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન, તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

And the Tilak should be drawn using Gopichandan paste or using the sandalwood paste mixed with saffron and Kumkum (vermilion) which is left over after worshipping the God. || 42 ||

तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः ।

कंकुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना।।४३।।

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ, તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

And only in the center of the Tilak, a round dot should be drawn using the same Gopichandan paste or using the Kumkum which has been offered to Radhikaji and Laxmiji. || 43 ||

सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु भालोर्ध्वपुण्ड्रके ।

द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ।।४४।।

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા જે સચ્છૂદ્ર તેમણે તો, તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવાં. ।।૪૪।।

And the Shudras, who perform their duties properly and who are devotees of Shri Krishna, should wear the Kanthi of Tulsi beads and Urdhvapundra Tilak just like Brahmin, Kshatriya and Vaishya. || 44 ||

भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे ।

धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ।।४५।।

અને તે સચ્છૂદ્રથકી બીજા જે જાતિએ કરીને ઉતરતા એવા ભક્તજન તેમણે તો, ચંદનાદિક કાષ્ઠની જે બેવડી માળા તે, ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ।।૪૫।।

And the devotees, who are inferior by caste to the good Shudras, should wear double-folded string of sandalwood beads around their neck after offering it to the God and should put a dot on their forehead but not the Tilak. || 45 ||

त्रिपुंण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता ।

तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितः ।।४६।।

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી એ બે વાનાં, પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ।।૪૬।।

And My Brahmin devotees, who put on Tripundra i.e. sideways Tilak and Rudraksha beads for generations, should not give up putting on Tripundra and Rudraksha. || 46 ||

एकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।

उभयोर्ब्रह्मरुपेण वेदेषु प्रतिपादनात्।।४७।।

અને નારાયણ ને શિવજી એ બેયનું એકાત્મપણું જ જાણવું; કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને

પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥

And 'Narayana' and 'Shivji' both belong to the one and only Supreme Being, because Vedas have confirmed both of them as a manifestation of the Supreme Being. || 47 ||

शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् ।

मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥४८॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥૪૮॥

And My devotees should not follow the code of conduct prescribed for the emergency during a minor or an insignificant emergency. || 48 ||

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।

विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥४९॥

અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

And everyday My devotees should wake up before

sunrise, remember Shri Krishna Bhagwan and then go for the daily cleansing activities. || 49 ||

उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् ।
स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी।।५०।।

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ।।૫૦।।

And then one should sit at one place and brush the teeth and have bath with pure water and wear one cloth and wrap around another cloth. || 50 ||

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम्।।५१।।

અને તે વાર પછી, પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ, ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન, તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ।।૫૧।।

And there after one should spread a clean and comfortable mat, which has not been touched by any

other mat, on a pious place and sit on it facing east or north and perform the 'Aachman'. || 51 ||

कर्तव्यमुर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।
कार्यः सधवनारीभिर्भाले कुंड्.कुमचन्द्रकः ।।५२।।

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ।।૫૨।।

And then the male devotees should draw an Urdhvapundra Tilak with a dot in the centre and the women (except widows) should put on a dot using the Kumkum on their forehead. || 52 ||

पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया ।
मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ।।५३।।

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે, મને કરીને કલ્પ્યાં જે ચંદન-પુષ્પાદિક ઉપચાર, તેણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસીપૂજા કરવી. ।।૫૩।।

And the widowed women, who are My devotees, should not put on either the Tilak or the dot on their forehead. And then all My devotees should visualize Me and all the offerings like sandalwood paste, flowers etc. in their heart and perform 'Mansipooja' of Shri Krishna Bhagwan. || 53 ||

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् ।

शक्त्या जपित्वा तन्मंत्रं कर्तव्यं व्यावहारिकम्।।५४।।

અને તે પછી, શ્રી રાધાકૃષ્ણની જે ચિત્રપ્રતિમા તેનું આદરથકી દર્શન કરીને-નમસ્કાર કરીને, પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને, તે પછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું. ।।૫૪।।

And after that, one should visualize the idol illustration of Shri Radhakrishna and respectfully perform salutation and recite eight lettered Mantra of Shri Krishna as per one's capacity. Then one should perform his worldly duties. || 54 ||

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।

तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै।।५५।।

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે

આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ, પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસીપૂજા પર્યંત સર્વે ક્રિયા કરવી. ।।૫૫।।

And My devotees, who are the best and who have completely surrendered to Me (Shri Hari) like king Ambarish, also should perform all the rituals one by one up to 'Mansipooja' as explained earlier. || 55 ||

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः ।

द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ।।५६।।

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે, પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ તેની જે પૂજા, તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ।।૫૬।।

And these completely surrendered devotees should worship either the stone idol or the metal idol of Shri Krishna Bhagwan or 'Shaligram' i.e. black round smooth stone representing God by offering

sandalwood paste, flowers, fruits etc. as per time, place and one's capacity and then they should recite the eight lettered Mantra of Shri Krishna Bhagwan. || 56 ||

स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।

तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम्।।५७।।

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો; અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામકીર્તન કરવું. ।।૫૭।।

And then one should study and recite the scriptures and Stotras of Shri Krishna Bhagwan as per one's capacity. Those who have not studied 'Sanskrit' should recite the names of Shri Krishna Bhagwan. || 57 ||

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।

कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा।।५८।।

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને, પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું. અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ, તેમણે સર્વ કાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ

ભગવાનની સેવાપરાયણ થવું. ।।૫૮।।

And then Shri Krishna Bhagwan should be offered food and one should eat these blessed offerings. The completely surrendered Vaishnav devotee (Atmanivedi) should always offer their selfless services to Shri Krishna Bhagwan with full devotion. || 58 ||

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।

सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ।।५९।।

અને નિર્ગુણ કહેતાં, માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના સંબંધ થકી, તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે; તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ।।૫૯।।

And 'Nirguna' means Shri Krishna Bhagwan who is beyond illusion i.e. 'Maya' and its three attributes Satwa, Rajas and Tamas; through His contact, all the actions performed by His 'Atmanivedi' i.e. completely surrendered devotees also become 'Nirguna'. Therefore such devotees are called 'Nirguna'. || 59 ||

भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् ।

न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ।।६०।।

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ।।૬૦।।

And such completely surrendered devotees i.e. 'Atmanivedi' should never drink even water without offering it to Shri Krishna Bhagwan and leaves, roots or fruits also should never be eaten without offering them to Shri Krishna Bhagwan. || 60 ||

सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाथवा ।

भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्त्यं यथाबलम्।।६१।।

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે, વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને, અસમર્થપણું થઈ ગયે સતે, પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે બીજા ભક્તને આપીને, પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ।।૬૧।।

And all My devotees, who are not able to serve their worshipping form of Shri Krishna due to old age or due to some emergency, should assign their services to other devotees and should serve as per their capacity. || 61 ||

आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।

कृष्णस्वरुपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत्।।६२।।

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય, અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ।।૬૨।।

And the worshipping form of Shri Krishna, which has been given or installed by the religiously appointed preceptor, should be worshipped. It is appropriate to bow down to the other forms of Shri Krishna but not to worship them. || 62 ||

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।

नामसंङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः।।६३।।

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્યપ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. ।।૬૩।।

And all My devotees should go to the temple of

God every evening and in the temple they should sing in praise of Shri Krishna Bhagwan, Lord of Shri Radhikaji, loudly. || 63 ||

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।

वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे।।६४।।

અને તે શ્રીકૃષ્ણની જે કથાવાર્તા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં. ।।૬૪।।

And the narratives of Shri Krishna should be narrated and listened to with due respect and on festival days Kirtans of Shri Krishna should be sung alongwith the musical instruments. || 64 ||

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।

संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति।।६५।।

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું, અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ, તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. ।।૬૫।।

And all My devotees should always follow the code

of conduct as explained earlier. And they should study the scriptures written in Sanskrit and Prakrit as per one's own capacity. || 65 ||

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।

योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन॥६६॥

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

And a person should be encouraged for an activity which is appropriate for his nature. He should never be encouraged for an activity for which he is not eligible. || 66 ||

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।

सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम्॥६७॥

અને પોતાના જે સેવક હોય તે સર્વેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

And one should always look after one's dependants

by providing proper food, clothes etc. as per one's capacity. || 67 ||

यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः ।

देशकालानुसारेण भाषणीयो न चान्यथा।।६८।।

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. ।।૬૮।।

And a person should be addressed as per his qualification and as per time and place and he should not be addressed otherwise. || 68 ||

गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् ।

अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ।।६९।।

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિ વૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી, એ છ જણા આવે, ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું, ઇત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ।।૬૯।।

And My humble devotees should pay respect to these six kinds of people - Guru, king, very old person,

ascetic, learned man (scholar), religiously austere by standing up and offering them a seat whenever they enter and by addressing them in courteous manner. || 69 ||

नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।
उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ।।७०।।

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું, તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ।।૭૦।।

And in front of Guru, God and king as well as while attending an assembly, one should not sit with one's leg crossed over another nor sit with the knees tied with a cloth. || 70 ||

विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित्
पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ।।७१।।

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો. અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને, તે પોતાના આચાર્યને પૂજવા. ।।૭૧।।

And all My devotees should never argue with their Acharya and they should pay respect to their Acharya by offering them food, money, clothes etc. as per their capacity. || 71 ||

तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् ।

तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ।।७२ ।।

અમારા જે આશ્રિત જન, તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદરથકી તત્કાળ સન્મુખ જવું. અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ।।૭૨।।

And My devotees should immediately go to greet their Acharya, whenever he visits their place and they should go to see him off till the outskirts of the town whenever he leaves their place. || 72 ||

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।

आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि।।७३ ।।

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું; કેમ જે ધર્મ છે તે જ સર્વે પુરુષાર્થનો આપનારો છે; માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ।।૭૩।।

And however rewarding the action may be, but if it is not as per the code of conduct, that action should not be performed. Because by following the code of conduct, all the four principal objects (Dharma, Artha,... etc.) could be achieved. Therefore, the code of conduct should not be given up for the sake of any kind of reward. || 73 ||

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।

कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ।।७४।।

અને પૂર્વે થયા જે મોટા પુરુષ, તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો, તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ।।૭૪।।

And if the great people of the past had not followed the code of conduct as an exception, they should not be imitated. But they should be imitated for following the code of conduct. || 74 ||

गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।

समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ।।७५।।

અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે

પણ પ્રકાશ કરવી જ નહિ. અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી જ રીતે સન્માન કરવું, પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ।।૭૫।।

And one should never disclose the secret of anybody anywhere and one should pay due respect to all the living beings as per their eligibility and one should never give up polite and courteous behaviour for the sake of equality. || 75 ||

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।

एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ।।७६ ।।

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે, ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો. અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ।।૭૬।।

And all My devotees should make a resolution during 'Chaturmas' i.e. last four months according to Hindu calendar. And a person, who is not able, can make a resolution only for the month of 'Shravan' i.e. tenth month according to Hindu calendar. || 76 ||

विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् ।

महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ।।७७।।

અને તે વિશેષ નિયમ તે ક્રિયા, તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ।।૭૭।।

And the special vows, like listening to the narratives of God, reading the narratives of God, singing and praising the virtues of God, worshipping God through bathing Him in 'Panchamrit', reciting the name of God and reading the 'Stotram' of God and worshipping God through 'Pradakshina' i.e. rotations around the idol, could be taken. || 77 ||

साष्टांगप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।

एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ।।७८।।

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. એ જે આઠ પ્રકારનાં નિયમ તે અમે ઉત્તમ માન્યા છે; તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ, જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો.।।૭૮।।

And bow down to God using all the eight limbs. Above mentioned eight vows, I consider the best, therefore one of them should be followed during the monsoon with extra devotion. || 78 ||

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।

कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम्।।७९।।

અને સર્વે જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું; તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું; તથા શિવરાત્રિનું વ્રત જે તે આદર થકી કરવું; અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ।।૭૯।।

And fast should be observed with due respect on all the 'Ekadashi' i.e. eleventh day of moon's cycle, on 'Janmashtami' - birthday of Shri Krishna Bhagwan and on 'Shivratri'. These festival days should be celebrated with special ceremonies. || 79 ||

उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।

उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम्।।८०।।

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો; કેમ

જે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમજ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥૮૦॥

And on the day of fasting, one should avoid sleep during day time through sincere efforts. Because as copulation destroys the holiness of fasting, similarly, sleep during day time also destroys the holiness of fasting. || 80 ||

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।
श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम्॥८१॥

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય, તેમના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી, તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ॥૮૧॥

And Shri Vallabhacharya is the preceptor of all the Vaishnavas, his son Shri Vitthalnathji decides about all the ceremonies and celebrations. || 81 ||

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः ।
सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि॥८२॥

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય, તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા અને તે વિઠ્ઠલનાથજીએ

કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥૮૨॥

And all the crermonies and celebrations should be performed as per Shri Vitthalnathji's decision; and the worshipping rituals should be performed as explained by Shri Vitthalnathji. || 82 ||

कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।

सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥८३॥

અને સર્વે જે અમારા આશ્રિત તેમણે, દ્વારિકા આદિક જે તીર્થ, તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. ॥૮૩॥

And all My devotees should visit the pilgrimage places like Dwarika etc. as per one's capacity. And should perform charity towards the poor and needy as per one's capacity. || 83 ||

विष्णुः शिवो गणपतिः पार्वति च दिवाकरः ।

एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥८४॥

અને અમારા જે આશ્રિત તેમણે, વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ જે તે પૂજ્યપણે કરીને માનવા. ॥૮૪॥

And My devotees should worship the five deities Vishnu, Shiva, Ganpati, Parvati and Surya. || 84 ||

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ।।८५।।

અને જો ક્યારેક ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો 'નારાયણકવચ'નો જપ કરવો; અથવા હનુમાનના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ।।૮૫।।

And sometimes if the ghosts or spirits cause trouble, then 'Narayan Kavach' should be recited or the Mantras of Hanuman should be recited. But the Stotram or Mantras of any other deity of lower category should not be recited. || 85 ||

रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः ।
हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ।।८६।।

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે, અમારા જે સર્વે સત્સંગી તેમણે, બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ।।૮૬।।

And during solar and lunar eclipse, all My devotees

should give up all other activities and purify themselves and recite the Mantra of Shri Krishna Bhagwan. || 86 ||

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।

देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ।।८७।।

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી, વસ્ત્રે સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે, પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું. અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ।।૮૭।।

And once the eclipse is over, My devotees should have bath wearing clothes. My householder (Grihastha) devotees should perform charity as per their capacity and the Tyagi Sadhu devotees should perform the worship to God. || 87 ||

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः ।

पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ।।८८।।

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક, તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ।।૮૮।।

And My devotees of all the four castes should perform

the purifications of birth and that of death as per one's relationship and according to scriptures. || 88 ||

भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः ।
ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ।।८९।।

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું.।।૮૯।।

And My devotees belonging to Brahmin caste should develop the virtues like calmness, self-control, forgiveness and contentment etc. and My devotees belonging to Kshatriya caste should develop the virtues like courage and patience etc. || 89 ||

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः ।
भवितव्यं तथा शुद्रै र्द्विजसेवादिवृत्तिभिः ।।९०।।

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજવ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. અને જે શૂદ્ર વર્ણ હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ।।૯૦।।

And My devotees belonging to Vaishya caste should follow the professions like farming, trading, money-lending etc. And My devotees belonging to Shudra caste should serve the other three castes like Brahmin, etc. and follow similar other activities. || 90 ||

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।

स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥९१॥

અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ, એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં. ॥૯૧॥

And a Brahmin should perform the three rituals which are the 'Sanskar' i.e. ceremonies like purification ceremony at the time of conception etc.; 'Ahnik' i.e. daily worship, service to God; 'Shraddh' i.e. funeral ceremonies for the deceased ancestors. These rituals should be performed as per situation, occasion and the financial status of person. || 91 ||

अज्ञानाज्ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् ।

क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥९२॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું-મોટું પાપ

થઈ જાય તો, પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું. ॥૯૨॥

And if one has committed a small or a big sin, knowingly or unknowingly, then one should perform the penance as per one's capacity. || 92 ||

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।

पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम्॥९३॥

અને ચાર વેદ, તથા વ્યાસસૂત્ર, તથા શ્રીમદ્ ભાગવત નામે પુરાણ, તથા મહાભારતને વિષે શ્રીવિષ્ણુસહસ્ર નામ. ॥૯૩॥

And the four Vedas, Vyas Sutra, Purana called Shrimad Bhagvat, Shri Vishnu Sahastranam from Mahabharat. || 93 ||

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।

श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम्॥९४॥

તથા શ્રીભગવદ્ગીતા, તથા વિદુરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રી વાસુદેવમાહાત્મ્ય. ॥૯૪॥

And Shri Bhagvat Gita, the principles explained by Vidurji and Shri Vasudev Mahatmya which is a

part of Vishnukhand from Skand Purana. || 94 ||

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।

एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ।।९५।।

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ - એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઇષ્ટ છે. ||૯૫||

And the Smriti by Yagyavalkya Rishi which is a part of Dharma Shastra - these eight scriptures are preferred by Me. || 95 ||

स्वहितेच्छुभिरेतानि मच्छिश्यैः सकलैरपि ।

श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ।।९६।।

અને પોતાના હિતને ઇચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે, એ આઠ સચ્છાસ્ત્ર જે તે સાંભળવાં અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં, તથા એમની કથા કરવી. ||૯૬||

And all My disciples, aspiring for their welfare, should listen to the eight scriptures and My Brahmin devotees should study, teach and narrate these scriptures. || 96 ||

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।

ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ।।९७।।

અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત-એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. ।।૯૭।।

And among these eight scriptures, 'Yagyavalkya Smriti' with Mitakshar Tika should be followed to decide the code of conduct, worldly formalities and penance. || 97 ||

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।

सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ।।९८।।

અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્ભાગવત પુરાણ - તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ।।૯૮।।

And also among all those eight scriptures, the fifth and the tenth part of Shrimad Bhagwat Purana should be considered to be more important to know the glory of Shri Krishna Bhagwan. || 98 ||

दशमः पञ्चमः स्कन्धो याज्ञवल्क्यस्य च स्मृतिः ।

भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे॥९९॥

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ, તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે; કહેતાં, દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે - અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે - એમ જાણવું. ॥૯૯॥

And 'Dasham Skandh', 'Pancham Skandh' and 'Yagyavalkya Smriti' represent 'Bhakti Shastra', 'Yoga Shastra' and 'Dharma Shastra' respectively; i.e. 'Dasham Skandh' represents 'Bhakti Shastra', 'Pancham Skandh' represents 'Yoga Shastra' and 'Yagyavalkya Smriti' represents 'Dharma Shastra'. || 99 ||

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।

रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम॥१००॥

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું, એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્‌ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૧૦૦॥

And the commentaries of 'Vyassutra' and that of

'Shri Bhagwat Gita' given by Shri Ramanujacharya, these two should be considered as My spiritual scriptures. || 100 ||

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।

अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः॥१०१॥

અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન તે જે તે, શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય. ॥૧૦૧॥

And the statements belonging to all these scriptures, which describe the supremacy of the luminous form, religion, devotion and ascetics of Shri Krishna Bhagwan. || 101 ||

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।

धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः॥१०२॥

તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં. અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, તે જે તે, ધર્મે સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

Those statements should be given preference to the other statements. And Shri Krishna Bhagwan should be worshipped alongwith the

proper code of conduct. This is the essence of all the scriptures. || 102 ||

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।

माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे।।१०३।।

અને શ્રુતિ - સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ||૧૦૩||

And the code of conduct established by Shruti-Smriti (Scriptures) should be considered as religion. And the great affection towards Shri Krishna bhagwan along with the knowledge of His glory should be considered as devotion. || 103 ||

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।

ज्ञानं च जीवमायेशरुपाणां सुष्ठु वेदनम्।।१०४।।

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ||૧૦૪||

And the lack of attachment in all the objects except Shri Krishna Bhagwan should be considered as 'Vairagya' i.e. ascetism and knowing the qualities of 'Jeev' i.e. living being, 'Maya' i.e. illusion and 'Ishwar' i.e. God should be considered as 'Gyan' i.e. knowledge. || 104 ||

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याऽखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ।।१०५।।

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે. અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે. અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઇત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો. ।।૧૦૫।।

And the soul, which is residing into the heart, is minute as an atom and full of life and spiritual qualities. And it is pervading the whole body right from the head to the toes through its power of knowledge. And it is indivisible, invisible, ever youthful, immortal. An entity having such qualities should be considered as a soul. || 105 ||

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।

जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥१०६॥

અને જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે ને અંધકારરૂપ છે, ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે. અને આ જીવને, દેહ તથા દેહના જે સંબંધી, તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે એમ માયાને જાણવી. ॥૧૦૬॥

And the Maya, i.e. illusion, has three attributes and is similar to darkness and it is the power of Shri Krishna Bhagwan. And it creates attachment and binds the soul with body and to the objects related to body these are the characteristics of Maya. || 106 ||

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।

ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः॥१०७॥

અને જે ઈશ્વર છે તે જે તે, જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે, ને સર્વ જીવને કર્મફળના આપનારા છે એમ ઈશ્વરને જાણવા. ॥૧૦૭॥

And as the soul is residing into the heart, similarly, God is residing into the soul as an inner being and He is free. And He rewards all the

living beings as per their deeds. These are the characteristics of God. || 107 ||

स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।

उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम्।।१०८।।

અને તે ઈશ્વર તે ક્યા, તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઇષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ||૧૦૮||

And the Ultimate Supreme Being, Supreme God Shri Krishna Bhagwan is 'Ishwar'. And Shri Krishna is our prime God and is worthy of worship and cause of all the incarnations. || 108 ||

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।

रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि।।१०९।।

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે, રાધિકાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા. અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવે નામે જાણવા. ||૧૦૯||

And when Shri Krishna, who is Almighty, is

together with Radhikaji, He should be known as RadhaKrishna and when He is together with Rukmaniji who is form of Laxmi, He should be known as Laxminarayan. || 109 ||

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।

बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च।।११०।।

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા. અને વળી તે શ્રીકૃષ્ણ જે તે, બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે - એમ જાણવું. ।।૧૧૦।।

And when Shri Krishna is together with Arjun, He should be known as Nar-Narayan and when Shri Krishna is together with Balbhadra etc. He is known in combination with the respective names. || 110 ||

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।

क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः।।१११।।

અને એ રાધાદિક ભક્ત તે જે તે, ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે; અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ

ભગવાન એકલા જ હોય, એમ જાણવા. ।।૧૧૧।।

And sometimes devotees like Radhaji etc. are next to Shri Krishna Bhagwan; and sometimes they are united within the form of Shri Krishna Bhagwan out of great affection, at that time Shri Krishna Bhagwan should be considered alone. || 111 ||

अतश्चास्य स्वरुपेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम्।।११२।।

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ, તેમને વિષે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું-ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો, દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ, તેમની ઇચ્છાએ કરીને છે - એમ જાણવું. ।।૧૧૨।।

And the variations in the form of Shri Krishna like Chaturbhooja, Ashtabhooja, Sahastrabhooja etc. are manifested by Dwibhooja Shri Krishna through His own will. For that reason all the forms of Shri Krishna Bhagwan should not be discriminated by any means. || 112 ||

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयसकरं किंचित्ततोऽन्यन्नेति दृश्यताम्।।११३।।

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ તે જે તે, પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી. અને તે ભક્તિથકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી - એમ જાણવું. ॥૧૧૩॥

And such Shri Krishna Bhagwan should be worshipped by all the humans on this Earth. And there is no other means leading towards salvation other than such devotion. || 113 ||

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।

कृष्णे भक्तिश्च सत्सङ्‌गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥११४॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી, ને સત્સંગ કરવો. અને એમ ભક્તિ ને સત્સંગ-એ બે વિના તો, વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

And the ultimate reward for a person having virtues like knowledge etc. is to worship Shri Krishna Bhagwan and attend the Satsang. And without devotion and Satsang, even the scholars attain the descent. || 114 ||

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च ।

न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च।।११५।।

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે; તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે; માટે એમનું ધ્યાન કરવું; અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો, શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી; માટે એમનું ધ્યાન ન કરવું. ||૧૧૫||

And Shri Krishna Bhagwan and the incarnations of Shri Krishna Bhagwan are worthy of meditating upon; and idol of Shri Krishna Bhagwan is also worthy of being meditated. Therefore, they should be meditated upon; and human beings and deities etc. souls are not worthy of meditating upon even if they are devotees of Shri Krishna Bhagwan and are having the divine knowledge of the characteristics of Supreme God i.e. Brahmvetta; therefore they should not be meditated upon. || 115 ||

निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् ।

विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा।।११६ ।।

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી, તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

And one's spiritual soul i.e. Jeevatma is different than the three types of body which are material body i.e. Sthoolsharir, subtle body i.e. Sookshmasharir, causal body i.e. Karansharir, it should be visualized in the form of Brahm and then through this form Shri Krishna Bhagwan should be worshipped all the time. || 116 ||

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।
प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥११७॥

અને શ્રીમદ્ ભાગવતપુરાણનો જે દશમસ્કંધ તે જે તે, નિત્યપ્રત્યે આદરથકી સાંભળવો; અથવા વર્ષોવર્ષ એકવાર સાંભળવો. અને જે પંડિત હોય તેમણે નિત્યપ્રત્યે વાંચવો; અથવા વર્ષોવર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

And the Dashamskandh of Shrimad Bhagwat Purana should be listened to regularly or once a year. And the scholars should read it regularly or once a year. || 117 ||

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।

विष्णुनामसहस्रादेश्चापि कार्येप्सितप्रदा।।११८।।

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્યસ્થાનકને વિષે, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું -કરાવવું. અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું; તે પુરશ્ચરણ કેવું છે તો, પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ।।૧૧૮।।

And the 'Purushcharan' i.e. repetition of God's name along with proper offerings in sacred fire, of Dasham Skandh should be performed at some holy place of pilgrimage as per one's capacity. And moreover, the 'Purashcharan' of the scriptures like Vishnushahastranaam etc. should be performed as per one's capacity. Such 'Purashcharan' can grant one, his desired objects. || 118 ||

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।

यथा स्वपररक्षा स्यात्तथावृत्यं न चान्यथा।।११९।।

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે, તથા મનુષ્યસંબંધી આપદા આવી પડે, તથા રોગાદિક આપદા આવી પડે, તેને વિષે જેમ પોતાની ને

બીજાની રક્ષા થાય તેમ વર્તવું; પણ બીજી રીતે ન વર્તવું. ॥૧૧૯॥

And during the troublesome emergencies, caused by the fate, men or epidemics, one should behave in such a manner that one's own life as well as that of others could be saved and protected and should not act otherwise. || 119 ||

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः ।

आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम्॥१२०॥

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાનાં તે જે તે, દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય, એટલાને અનુસારે કરીને જાણવાં. ॥૧૨૦॥

And code of conduct, worldly duties and penance, these three should be performed as per place, time, age group, financial position, caste and ability. || 120 ||

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितं ।

तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम्॥१२१॥

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું. અને અમને પ્રિય એવું જે ધામ, તે ગોલોક છે એમ

જાણવું. અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ||૧૨૧||

And according to My philosophy God is supreme and unique in nature. And My favourite abode is Golok. To serve Shri Krishna Bhagwan in His own abode as Brahmaroop i.e. through the unity in His divine form is considered as liberation, by Me. || 121 ||

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।

मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये।।१२२।।

અને આ જે પૂર્વે સર્વ ધર્મ કહ્યા તે જે તે, અમારા આશ્રિત જે ત્યાગી-ગૃહસ્થ, બાઈ-ભાઈ સર્વે સત્સંગી, તેમના સામાન્ય ધર્મ કહ્યા છે; કહેતાં, સર્વ સત્સંગીમાત્રને સરખા પાળવાના છે. અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્ પૃથક્પણે કરીને કહીએ છીએ. ||૧૨૨||

And all the principles explained earlier are the general principles for all My devotees, and are to be followed by all of them irrespective of Tyagi-Grihasth, men-women etc. and now I explain the specific code of conduct separately for each of them. || 122 ||

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः।।१२३।।

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ, તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ: અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ, તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ।।૧૨૩।।

Now I describe the specific code of conduct for the Dharmavanshi Acharyas and their respective wives: Shri Ayodhyaprasad and Shri Raghuveer who are the sons of My elder brother and younger brother respectively, should never initiate in or teach the Mantra to the ladies other than their blood relations. || 123 ||

न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।
क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित्।।१२४।।

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ; અને તે સાથે બોલવું નહિ; અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું; અને કોઈની થાપણ ન રાખવી. ।।૧૨૪।।

And they should never touch those women, nor talk to them; and should not perform cruelty towards any living being; and should not accept anybody's deposits. || 124 ||

प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके ।

भिक्षयाऽऽपदतिक्रम्या न तु कार्यमृणं क्वचित्।।१२५।।

અને વ્યવહારકાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું. અને કોઈ આપત્કાળ આવી પડે તો, ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો; પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ।।૧૨૫।।

And they should not offer security for any worldly duty. And during emergency, they should support themselves by accepting the alms and pass through the emergency, but should not accumulate anyone's debt. || 125 ||

स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।

जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः।।१२६।।

અને પોતાના જે શિષ્ય તેમણે, ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ; અને તે અન્ન જૂનું થાય તો, તે જૂનું કોઈકને દઈને નવું લેવું; અને એવી રીતે જે જૂનાનું

નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥૧૨૬॥

And the grains which have been given by the devotees as a charity should not be sold; and if the grains have become old, they can be exchanged for the fresh stock; exchange of old grains for the sake of new grains is not considered as sales. || 126 ||

भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।

इषकृष्णचतुर्दश्यां कार्यार्चा च हनुमतः ॥१२७॥

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી, તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનની પૂજા કરવી. ॥૧૨૭॥

And on fourth day of the first half of the month 'Bhadrapad', worship to God Ganesha should be performed and on the fourteenth day of the second half of the month 'Ish' i.e. Aaso, worship to God Hanuman should be performed. || 127 ||

मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।

गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥१२८॥

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે, એ સર્વેના ગુરુપણાને વિષે અમે

સ્થાપન કર્યા, એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. ॥૧૨૮॥

And Ayodhyaprasad and Raghuveer, who have been assigned by Me as Acharyas of all My devotees to protect their religion, should initiate the seekers. || 128 ||

यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।

मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात्॥१२९॥

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી, તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા; અને સાધુને આદરથકી માનવા, તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદરથકી કરવો. ॥૧૨૯॥

And they should make all the devotees follow their respective code of conduct as per their eligibility and should pay respect to the saints and should study the scriptures with due respect. || 129 ||

मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।

लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि॥१३०॥

અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં, એવાં જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં

સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

And they should worship Shri Laxminarayan etc. forms of Shri Krishna which have been installed by Me in various big temples, through proper ceremonies. || 130 ||

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।

आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥

અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥૧૩૧॥

And any hungry person, who has come to the temple of God, should be given food as per one's capacity and should be treated with respect. || 131 ||

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।

प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत्॥१३२॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી, તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ જે વિદ્યાદાને કરીને

મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

And they should open the school to teach the students and employ one learned Brahmin to teach the (holy books) pious knowledge and perform teaching activities on this world because donation of knowledge is considered to be a holy deed. || 132 ||

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।

कृष्णमंत्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि।। १३३ ।।

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ, શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

And now the respective wives of Ayodhyaprasad and Raghuveer, should initiate only the women with the permission of their respective husbands into the Mantra of Shri Krishna, but should not initiate the men. || 133 ||

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।

न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ।।१३४।।

અને વળી તે બે જણની પત્નીઓ તેમણે, પોતાના

સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ અને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા.) ॥૧૩૪॥

And moreover, the respective wives of these Acharyas, should not touch a man who is not a close relative and should not talk with him and should not show him her face. (Such are the specific code of conduct for a Dharmavanshi Acharya and his wife). || 134 ||

गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।

स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः॥१३५॥

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે તે કહીએ છીએ: અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

Now, I explain specific code of conduct for the Grihastha i.e. householder devotees; My Grihastha male devotees should not touch the widows who are not close relatives. || 135 ||

मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु वयः स्थया ।

अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ।।१३६।।

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત, એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ, આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું. અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ।।૧૩૬।।

And the Grihastha male should not remain in a lonely place even with his mother, sister or daughter who are of young age, except for the calamities. And should not donate his wife to anybody. || 136 ||

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।

भवेत्तस्याः स्त्रीयाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ।।१३७।।

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ, તે કોઈ પ્રકારે પણ ન જ કરવો. ।।૧૩૭।।

And a woman, who is involved with the king through any relation, a Grihastha should not get involved with such woman by any means. || 137 ||

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।

दैवं पैत्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ।।१३८।।

અને તે ગૃહસ્થાશ્રમી તેમણે, પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો. અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે, પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥૧૩૮॥

And a Grihastha should serve the guest who is visiting him, through food etc. as per his capacity. And he should perform 'Homa' etc. holy deeds related to God and 'Shraddh' etc. holy deeds related to ancestors as per his capacity through proper ceremonies as per requirement. || 138 ||

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા, પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા, તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

And My Grihastha devotee should serve his mother, father, Guru and the patients who are suffering from some disease throughout his life as per his capacity. || 139 ||

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।
मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥१४०॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

And moreover, a profession suitable for one's caste and category should be followed. And the Grihasth devotee, who follows agriculture as a profession, should not castrate their bullocks. || 140 ||

यथाशक्ति यथाकालं संग्रहोऽन्नधनस्य तैः ।
यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે, સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા અન્નદ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય-પૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

And a Grihastha devotee should store the grains and such materials in sufficient quantities as per their

requirements and ability according to time. And the Grihastha who have cattle in his house should store the grass and cattlefeed as per his capacity. || 141 ||

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।

सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा।।१४२।।

અને ગાય, બળદ, ભેંશ, ઘોડા આદિક જે પશુ, તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય, તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. ||૧૪૨||

And if one can look after the cattle like cow, bullock, buffalo, horse etc. by giving them grass, water etc. then one should keep them otherwise not. || 142 ||

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।

भुवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित्।।१४३।।

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો, પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ, પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે, ક્યારેય ન કરવો. ||૧૪૩||

And one should never deal even with one's own son or friend etc. in the matters of land or that of exchange of money without any written evidence in

presence of a witness. || 143 ||

कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्प्यधनस्य तु ।

भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा॥१४४॥

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

And the money which is to be given to perform one's own marriage or that of someone else's should not be promised without any writing in presence of a witness. || 144 ||

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।

अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम्॥१४५॥

અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો; અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુ:ખ થાય છે-એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું. ॥૧૪૫॥

And one should always spend money according to one's earnings and not otherwise. Whoever spends more than his earnings, attains great miseries -all the Grihasthas should remember this. || 145 ||

द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके ।

तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम्।।१४६।।

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય, તથા જેટલો ખરચ હોય, તે બેયને સંભારીને નિત્યપ્રત્યે, રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ॥૧૪૬॥

And a Grihastha should everyday remember the total earnings for the day and the total expenditures for the day through his worldly activities and write the account in good handwriting. || 146 ||

निजवृत्युद्यमप्राप्त धनधान्यादितश्च तैः ।

अर्प्यो दशांश कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः।।१४७।।

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો; અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

And the Grihastha devotees should donate the tenth part of his wealth earned through his profession and hard work to Shri Krishna Bhagwan; and whoever is not so sound financially should donate the twentieth part. || 147 ||

एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।

उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम्।।१४८।।

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે, પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું; તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળને આપનારું છે. ।।૧૪૮।।

And the completion ceremony of the vows like Ekadashi etc. should be performed through the methods discribed in scriptures and as per one's capacity, because completion ceremony grants all the desired objects. || 148 ||

कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।

बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम्।।१४९।।

અને શ્રાવણ માસને વિષે, શ્રી મહાદેવનું પૂજન જે તે, બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વપ્રકારે પોતે કરવું; અથવા બીજા પાસે કરાવવું. ।।૧૪૯।।

And during the month of 'Shravan', worship to Shri Mahadev should be performed personally using Bilvapatra, etc. with great affection or get it performed by someone else. || 149 ||

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।

ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च।।१५०।।

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું. અને વળી તે પોતાના આચાર્યથકી અને શ્રીકૃષ્ણના મંદિરથકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. ॥૧૫૦॥

And a Grihasth should never ask for a debt from his Acharya or from the temple of Shri Krishna Bhagwan. And moreover, he should not borrow the vessels, jewellery and clothes etc. objects to perform his worldly ceremonies from his Acharya and from the temple of Shri Krishna. || 150 ||

श्रीकृष्णगुरुसाधुनां दर्शनार्थं गतौ पथि ।

तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत्॥१५१॥

અને શ્રીકૃષ્ણ ભગવાન, તથા પોતાના ગુરુ, તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયેસતે, માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ; તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ; કેમ જે, તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરિ લે એવું છે; માટે પોતાની ગાંઠનું ખર્ચ ખાવું. ॥૧૫૧॥

And while going for the 'Darshan' of Shri Krishna Bhagwan, one's own Guru, saint etc., on the way one should not eat food offered by someone else. Moreover, at the places of pilgrimage of Shri Krishna Bhagwan, one's own Guru and that of saints, one should not eat food offered by someone else because the food offered by someone can steal one's holy deeds therefore one should spend for one's own food. || 151 ||

प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत्कर्मकारिणे ।

न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ।।१५२ ।।

અને પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર, તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું; પણ તેમાંથી ઓછું ન આપવું. અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી. તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું. અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. ।।૧૫૨।।

And the labourers who have been hired to work, should be paid in terms of money or grains as promised earlier, but they should not be paid less; and one should not hide the details of payment of one's debt to a person

whom one owes money and one should not hide the details regarding one's ancestors, 'Kanyadaan' etc.; and one should not deal with the people of evil nature. || 152 ||

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।

लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा।। १५३ ।।

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ - ભૂંડો કાળ, અથવા શત્રુ, અથવા રાજા-તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય, કે ધનનો નાશ થતો હોય, કે પોતાના પ્રાણનો નાશ થતો હોય; ।।૧૫૩।।

And the place where one is staying, one is being disgraced or one's wealth is being destroyed or one's life is in danger due to disturbances of some severe or worst kind of calamity, some enemy or the king of the place. || 153 ||

मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।

त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम्।।१५४ ।।

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી

ગૃહસ્થ, તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ, તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ॥૧૫૪॥

And evenif that is one's native place or the place inherited through ancestors My prudent Grihasth devotees should immediately leave the place and shift to some other place where there are no disturbances and live there happily. || 154 ||

आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।

तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥१५५॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે, હિંસાએ રહિત એવા જે વિષ્ણુસંબંધી યજ્ઞ તે કરવા. તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે, બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥૧૫૫॥

And the wealthy Grihastha devotees should perform the 'Yagya'; related to Vishnu without violence. And offer food to the Brahmins and saints at the places of pilgrimage on the festival days like Dwadashi etc. || 155 ||

महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।

देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે, ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા, તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ॥૧૫૬॥

And the wealthy Grihasth devotees should perform the big ceremonies in the temple of God and perform various kinds of charities to the eligible Brahmins. || 156 ||

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।

प्रजाःस्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥१५७॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા, તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥૧૫૭॥

And My devotee, who is a king, should follow the religious scriptures and look after his subjects like his own son and he should spread the religion throughout the world. || 157 ||

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।

व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥

અને તે રાજા-તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ, તે જે તે, લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં. અને તીર્થ જે 'ચાર' મોકલ્યાનાં સ્થાનક તથા

વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ,- એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ।।૧૫૮।।

And the king should know the seven limbs, four remedies and six virtues about his kingdom, properly alongwith their characteristics. And he should know the 'Tirth' which are the places to be spied upon, his courtiers who are wise people, the people who deserve punishment and the people who are innocent all these properly and alongwith their characteristics. || 158 ||

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।
अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः।।१५९।।

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ: અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે, પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ।।૧૫૯।।

Now, I explain the specific code of conduct of married women. A married woman, who is My devotee, should serve her husband like God, evenif he is blind, sick,

poor, impotent and should not speak harsh words towards him. || 159 ||

रुपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।

प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च।।१६०।।

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે, રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ, તેનો પ્રસંગ સહજસ્વભાવે પણ ન જ કરવો. ।।૧૬૦।।

And a married woman should not remain in company, even naturally, of another man who is handsome, youthfull and virtuous. || 160 ||

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।

साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसंङ्गिनी।।१६१।।

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું. અને ઓઢયાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું. અને ભાંડભવાઈ જોવા ન જવું. અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ।।૧૬૧।।

And the married women, who are faithful and devoted to their respective husbands, they should not behave in such a way that their naval, thighs or breasts are visible to some other men; and always wear a wrap-around cloth to cover the body; and should not visit the humorous street plays like 'Bhand Bhavai'; and should not remain in contact of shameless women and that of the women who are 'Swairini', 'Kamini' or 'Punschali'. || 161 ||

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।

त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ।।१६२ ।।

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે, પોતાનો પતિ પરદેશ ગયે સતે, આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં, પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય-વિનોદાદિકનો ત્યાગ કરવો. ।।૧૬૨।।

And a married woman whose husband has gone abroad, should not wear ornaments, good clothes, visit other people's houses and she should give up laughter, fun, jokes etc. light hearted behaviour. || 162 ||

विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः ।

आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ।।१६३ ।।

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ: અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો, પતિબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા. અને પોતાના પિતાપુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્રપણે ન વર્તવું. ।।૧૬૩।।

Now, I explain the specific code of conduct of a widow. The widows who are My devotees, should serve Shri Krishna Bhagwan in the form of husband and they should follow the instructions of their relatives like father, son etc. but should not behave independently. || 163 ||

स्वासन्नसम्बधहीना नराः स्पृश्या न कर्हिचित् ।
तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना।।१६४।।

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે, પોતાના સમીપ -સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો. અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના, સમીપ-સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. ।।૧૬૪।।

And a widow should never touch a man who is not a close relative. And during her young age, she should never speak with a young man without any reason

who is not a close relative. || 164 ||

स्तनंधयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव ।

आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे।।१६५।।

અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો, જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી. અને કોઈ અવશ્યનું કામકાજ પડે. તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી.।।૧૬૫।।

And it is not an offence to touch an animal, similarly, it is not an offence, if she (i.e. a widow) touches an infant. And if necessary, if she touches an old man for some important reason or speaks with an old man, it is not an offence. || 165 ||

विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न कापि नुः

व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा।।१६६।।

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈ પણ વિદ્યા ન ભણવી. અને વ્રત-ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ।।૧૬૬।।

And a widow should not study any skills from a man

other than her close relative. And she should tranquil her physical desires through fasting etc.. || 166 ||

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।

देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ।।१६७।।

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં, પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો, તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું; અને જો તેથી અધિક હોય તો આપવું. ।।૧૬૭।।

And if a widow has just enough money to support herself for a lifetime, then she should not donate any money even for religious purpose and if she has more than that then she should donate. || 167 ||

कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले।

मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ।।१६८।।

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો ને પૃથ્વીને વિષે સૂવું. અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવપ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહિ. ।।૧૬૮।।

And a widow should have food only once in a day

and sleep on a floor. And she should not observe knowingly any birds, animals etc. living beings engaged in copulation. || 168 ||

वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।

न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित्।।१६९।।

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસણી, તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો; અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ।।૧૬૯।।

And a widow should not dress up like a 'Suvasini' i.e. a married woman whose husband is alive, 'Sanyasini' or a 'Vairagini'. And she should never dress up in the clothes which are not appropriate for her place, family and her code of conduct. || 169 ||

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।

शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित्।।१७०।।

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો, ને તેનો સ્પર્શ પણ ન કરવો; અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ।।૧૭૦।।

And a widow should never remain in contact with a

woman who performs abortion and should not even touch her; and should not talk about or listen to the conversation about a man's passionate nature towards sexual pleasures. || 170 ||

निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः ।

साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा।।१७१।।

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે, યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ, તેમની સંગાથે પણ, એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

And a widow who is of young age, should not stay in a lonely place except during an emergency with a young man, evenif he is a close relative. || 171 ||

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।

न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित्।।१७२।।

અને હોળીની રમત ન કરવી અને આભૂષણાદિકનું ધારણ ન કરવું; અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર, તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

And she should not play Holi and should not wear

ornaments etc. and should never wear thin clothes embroidered with the golden thread. || 172 ||

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।

स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ।।१७३ ।।

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ, તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ; અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ।।૧૭૩।।

And the women, married as well as widowed, should not have bath without wearing clothes; and they should not hide their menstrual periods by any means. || 173 ||

मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला ।

दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ।।१७४ ।।

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ, ને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા, તે સર્વ, ધર્મવંશી આચાર્ય ને તેમની પત્નીઓ તેમને પણ પાળવા; કેમ કે એ ગૃહસ્થ છે.) ।।૧૭૪।।

And the married as well as widowed women should not touch any person or things like clothes etc. for three days during menstruation, and on the fourth day they can touch after having bath. (Similarly, all these specific codes of conduct mentioned for the Grihastha men and women devotees should be followed by the Dharmavanshi Acharya and his wife as they are also Grihastha). || 174 ||

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।

तैः स्पृश्या न स्त्रियो भाष्या न न वीक्ष्याश्च ता धिया ।।१७५ ।।

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ; અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ; અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ।।૧૭૫।।

Now, I explain the specific code of conduct for a staunch celibate. My devotees who are staunch celibates should not touch any woman and should not talk to any woman and should not look at a woman knowingly. || 175 ||

तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।

तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ।।१७६ ।।

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી ને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે, સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ।।૧૭૬।।

And they should neither talk about women nor listen to such conversations to a place, where women are moving around, they should not go to perform bath etc. || 176 ||

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा ।

न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ।।१७७।।

અને દેવતાની પ્રતિમા વિના, બીજી જે સ્ત્રીની પ્રતિમા ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય, તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ।।૧૭૭।।

And except the idol of a deity, they should not touch the picture of a woman or a statue of a woman made of wood etc. materials, and he should not even look at such statues knowingly. || 177 ||

न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् ।

न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ।।१७८।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન

કરવી, ને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ, અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષ્યાદિક પ્રાણીમાત્ર, તેમને જાણીને જોવાં નહિ. ॥૧૭૮॥

And a staunch celibate should not make an image of a woman and should not touch a cloth worn by a woman and should not observe the birds, animals etc. any living being engaged in copulation. || 178 ||

न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् ।

न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम्॥१७९॥

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ, અને તેની સામું જોવું નહિ, અને તે સાથે બોલવું નહિ; અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા-વાર્તા-કીર્તન પણ ન કરવાં. ॥૧૭૯॥

And they should not touch a man who is dressed up as a woman and should neither look at him nor talk to him and they should not narrate the narratives of God and sing the devotional songs addressing a woman. || 179 ||

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।

तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः॥१८०॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો, પોતાના ગુરુનું પણ ન માનવું, ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષેયુક્ત રહેવું અને માને રહિત રહેવું. ॥૧૮૦॥

And a staunch celibate should not follow an instruction, evenif, it has been given by his Guru, if there is a possibility of breach of celibacy by following it. And he should always remain patient, satisfied and without ego. || 180 ||

स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या ।

निवारणीया साभाष्य तिरस्कृत्यापि वा द्रुतम्॥१८१॥

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી, તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી; પણ સમીપે આવવા દેવી નહિ. ॥૧૮૧॥

And if a woman tries to come closer forcibly, she should be stopped through speech or through contempt i.e. she should be stopped immediately and should not be allowed to come closer. || 181 ||

प्राणपद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।

तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा॥१८२॥

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો, તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ, તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. ||૧૮૨||

And during an emergency which is fatal for one's own life as well as for the women's lives, at that time it is permissible to touch women or talk to them to protect and save their lives as well as one's own life. || 182 ||

तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा ।

वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ।।१८३ ।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાના શરીરે તૈલમર્દન ન કરવું, ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઇંદ્રિયને જીતવી. ||૧૮૩||

And a staunch celibate should not massage his body with oil, should not carry any weapon nor dress up in horrible attire; he should try to conquer his desires of taste. || 183 ||

परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि ।

न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु।।१८४ ।।

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય,

તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ; ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ||૧૮૪||

And they should not go to a Brahmin's house to accept the alms where a woman serves the food, but they should go to a place where a man serves the food. || 184 ||

अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।

वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ।।१८५।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી; ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ જે તે સર્વકાળે વર્જવો. ||૧૮૫||

And the staunch celibates should study Vedas and serve their Guru; as they avoid the company of a woman, they should always avoid the contact of a man who is desirous of a woman's company. || 185 ||

चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् ।

पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ।।१८६।।

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું; અને ડુંગળી, ને લસણ આદિક જે

અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણજાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવું.।।૧૮૬।।

And those who are Brahmin by caste should not drink water fetched by a leather bucket and should not consume onion, garlic etc. non-eatables in any form. || 186 ||

स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् ।

अकृत्वा वैंश्वदेवं च कर्तव्यं नैव भोजनम्।।१८७।।

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રી વિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા). ।।૧૮૭।।

And a Brahmin should not have food without performing bath, meditation during twilight, recitation of Gayatri Mantra, worship to Shri Vishnu and offerings to Vaishwadev. (These are the specific code of conduct for a staunch celibate.) || 187 ||

साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् ।

स्त्रीस्त्रैणसंङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः।।१८८।।

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ: અમારે

આશ્રિત જે સર્વ સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે, સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો; તથા સ્ત્રૈણ પુરુષનાં પ્રસંગાદિકનો ત્યાગ કરવો; અને અંત:શત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક - તેમને જીતવા. ॥૧૮૮॥

Now, I explain the specific code of conduct for a saint. All My saints who have surrendered Me, should try to avoid the contact of a woman through sight, speech etc. just like staunch celibates; and they should try to avoid the contact of men, who are desirous of women's contact; and they should conquer the inner enemies like lust, anger, greed, ego etc. || 188 ||

सर्वेन्द्रियाणी जेयानि रसना तु विशेषतः ।

न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित्॥१८९॥

અને સર્વે જે ઇંદ્રિયો તે જીતવી, ને રસના ઇંદ્રિયને તો વિશેષ કરીને જીતવી; અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ॥૧૮૯॥

And a saint should conquer the desires of all the senses and particularly the desires of taste should be conquered; and he should neither hoard material possessions nor ask someone else to do it for him. || 189 ||

न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित्

न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन।।१९०।।

અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો; અને પોતાના ઉતારાની જાયગા, બંધિની હોય તો, તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ. ।।૧૯૦।।

And he should not keep anybody's valuable things or money as deposit; he should never loose patience; he should not allow any woman to enter the place where he is staying. || 190 ||

न च सङ्घं विना रात्रौ चलितव्यमनापदि ।

एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम्।।१९१।।

અને એ સાધુ તેમણે આપત્કાળ પડ્યા વિના રાત્રીને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ. તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ।।૧૯૧।।

And a saint should not walk alone during the night without any company of fellow travellers except for an emergency and even otherwise he should never walk alone except for an emergency. || 191 ||

अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।
न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयाऽपि तत्॥१९२॥

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય, તથા ચિત્રવિચિત્ર ભાત્યનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય, કે શાલ-દુશાલા હોય, ને તે જો બીજાની ઇચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ, તે વસ્ત્ર પોતે પહેરવું-ઓઢવું નહિ. ॥૧૯૨॥

And they should not wear or wrap-around a cloth which is very expensive, having exotic prints, dyed in bright colours, or shawl, Dushala; evenif, it has been given by someone willfully (out of affection). || 192 ||

भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।
व्यर्थःकालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥१९३॥

અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના, ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ. અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના, વ્યર્થ કાળ નિર્ગમવો નહિ; નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥

And to accept the alms or to attend the (religious) gathering, only for these two purposes, a house

of a Grihastha should be visited; and the saints should not waste their time but should practice the nine types of devotion and they should spend time through continuous worship of God. || 193 ||

पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः ।

ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ।।१९४।।

અને જે ગૃહસ્થના ઘરને વિષે, રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય, તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય; ।।૧૯૪।।

And in a house of a Grihastha, where a man serves the cooked food and there is no possibility of the contact of a woman, even through sight or by any other means. || 194 ||

तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।

अन्यथाऽऽमान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः।।१९५।।

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું; અને એ કહ્યું તેવું ન હોય તો, કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ।।૧૯૫।।

My saints should visit such types of house of a Grihastha to have cooked food; otherwise they should accept the raw food materials and cook the food themselves and offer the cooked food to God and then have food. || 195 ||

आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि ।
अवर्तताऽत्र परमहंसैर्वृत्यं तथैव तैः ॥१९६॥

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી, તે જે તે, પૃથ્વીને વિષે જડબ્રાહ્મણથકા જેમ વર્તતા હતા તેમ જ, પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ॥૧૯૬॥

And in the past, Bharatji who was the son of Shri Rishabhdev Bhagwan, used to behave like a 'Jad Brahmin' i.e. insensitive Brahmin, similarly, My Paramhans saints should behave. || 196 ||

वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।
ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥१९७॥

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે, તાંબૂલ તથા અફીણ તથા તમાકુ-ઇત્યાદિકનું જે ભક્ષણ, તે જતને કરીને વર્જવું. ॥૧૯૭॥

And a staunch celibate and a saint should try to give up or avoid consuming beetle leaf, opium, tobacco etc. || 197 ||

संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः ।

प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके।।१९८।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે, ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ; તથા એકાદશાહપર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ; તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ॥૧૯૮॥

And a staunch celibate and saint should not accept food offered during the ceremonies like ceremony of conception etc. And they should not accept the food prepared for all the ceremonies of 'Pret Shraddh' till 'Ekadashah Shraddh' and that of ‘Dwadhshah Shraddh’. || 198 ||

दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा ।

ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम्।।१९९।।

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ; અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ. ॥૧૯૯॥

And the saints should not sleep during day time except for the emergencies and they should not gossip and should not listen to gossip. || 199 ||

स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।

निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा॥२००॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ; અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું. ॥૨૦૦॥

And the staunch celibates and saints should not sleep on a cot except for the emergencies like sickness etc.; and they should behave completely without cunningness in front of God-realized saints and Muktas. || 200 ||

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।

क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः॥२०१॥

અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે, પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું; પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ; અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું; પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥

And if a miscreant with confused state of mind uses bad words or beat up the saints or celibates of Shri Hari, they should tolerate the misbehaviour, but should not use bad words or beat him up in return and should wish for his betterment only, they should not even wish ill about him. || 201 ||

दूतकर्म न कर्तव्यं यैशुनं चारकर्म च ।

देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु।।२०२।।

અને કોઈનું દૂતપણું ન કરવું, તથા ચાડિયાપણું ન કરવું, ને કોઈના ચારચક્ષુ ન થવું; અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) ।।૨૦૨।।

And they should not perform the duty of a messenger, should not back-bite anyone and should not spy for anyone. They should not feel attached to their bodies nor get attached to their relatives. (These are the specific code of conduct for the saint devotees of Shri Hari). || 202 ||

इति संक्षेप्तो धर्माः सर्वेषां लिखिता मया ।

साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः।।२०३।।

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ-ભાઈ

સર્વે, તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, તે જે તે, સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે; અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ।।૨૦૩।।

And thus I have explained the general as well as specific code of conduct for all My devotees, men and women, in short; and the details of these codes of conduct should be studied from the scriptures of My religion. || 203 ||

सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना ।

पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी।।२०४।।

અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી, જે તે લખી છે; તે કેવી છે તો, સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. ।।૨૦૪।।

And have extracted the essence of all the scriptures through My knowledge and written this Shikshapatri. It fulfills all the heartfelt desires of all the people. || 204 ||

इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः ।

यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन।।२०५।।

એ હેતુ માટે, અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે, સાવધાનપણે કરીને, નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. ||૨૦૫||

For that reason, all My devotees should always follow the code of conduct explained in the Shikshapatri with full awareness, but they should never behave in willfull, irresponsible manner. || 205 ||

वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा ।

ते धर्मादिचतुर्वर्ग सिद्धिं प्राप्स्यन्ति निश्चितम्।।२०६।।

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો, તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ - એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે. ||૨૦૬||

And My devotees, who will follow code of conduct, explained in Shikshapatri, will definitely attain all four principal objects of human existence which are Dharma, Arth, Kama, Moksha. || 206 ||

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः ।

बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः।।२०७।।

અને જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે

તો, અમારા સંપ્રદાયથકી બાહેર છે-એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ॥૨૦૭॥

And the men and women devotees of My religion should remember that, whoever, man or woman, does not follow the code of conduct explained in Shikshapatri do not belong to Me. || 207 ||

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।
कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात्॥२०८॥

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો; અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો, આદરથકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. ॥૨૦૮॥

And all My devotees should study the Shikshapatri regularly; and those who can not read, should listen to the Shikshapatri with reverence. || 208 ||

वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् ।
मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात्॥२०९॥

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો, નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે - એ રીતે

પરમ આદરથકી માનવી. ॥૨૦૯॥

And if there is no one around who can read the Shikshapatri, then one should worship the Shikshapatri; and the Shikshapatri which is My speech is My divine form and it should be followed with full devotion. || 209 ||

युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।

आसुर्या सम्पदाढ्याय पुंसे देया न कर्हिचित्॥२१०॥

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે, દૈવી સંપદાએ કરીને યુક્ત જે જન હોય - તેને આપવી; અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥

And My Shikshapatri should be given to the people having divine qualities; and it should never be given to the people having evil characteristics. || 210 ||

विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते ।

वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा॥२११॥

સંવત ૧૮૮૨ (અઢારસો બ્યાસી)ના મહા સુદિ પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે; તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥

I have written this Shikshapatri on fifth day of the first half of the month Maha, Samvat 1882 i.e. Maha Sud Panchami, Samvat 1882; which is omnibenefical. || 211 ||

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता

दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥२१२॥

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા, તેના નાશ કરનારા એવા; અને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા; ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે, અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ॥૨૧૨॥

And Shri Krishna Bhagwan who destroys all the pains of His devotees, protects the devotion alongwith proper code of conduct, and fulfills all the heartfelt desires of. His devotees spread My bliss all over. || 212 ||

इति श्री सहजानंदस्वामिलिखिता शिक्षापत्री समाप्ता॥

ઇતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિત્યાનંદ મુનિ લિખિતા શિક્ષાપત્રી ટીકા સમાપ્ત.

જનમંગલ સ્તોત્રમ્

નમોનમ: શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥
સુગંધપુષ્પહારદ્યૈર્વિવિધૈરુપહારકૈ: ।
સંપૂજીતાય ભક્તૌદ્યૈ સિતાંબરધરાય ચ ॥

સુગંધીમાન પદાર્થો અને ફૂલહાર વગેરે વિવિધ પ્રકારની સામગ્રીથી સારી રીતે પૂજેલા, શ્વેત વસ્ત્ર ધારણ કરનારા, બુદ્ધિદાતા, દયાળુ, ભક્તોના કલ્પવૃક્ષ, ભક્તિધર્મના પુત્ર એવા શ્રીહરિને હું વારંવાર વંદન કરું છું. ૧-૨

નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્ય: ફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સપ્તતે: ॥

સંતપુરુષોના પાલક એવા શ્રીહરિ તેનાં એકસો આઠ નામો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની ઇચ્છાવાળા મનુષ્યોને તુર્ત ફળ આપનારાં છે; તે હું (શતાનંદ મુનિ) કહું છું-૩.

અસ્યશ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્ત-
રશતનામસ્તોત્રમંત્રસ્ય શતાનન્દઋષિ: ।
અનુષ્ટુપ છંદ: ધર્મનન્દન: શ્રીહરિર્દેવતા ધાર્મિક
ઇતિ બીજમ્ બૃહદ્વ્રતધર ઇતિ શક્તિ: ॥

ભક્તિનન્દન ઇતિ કીલકમ્ ।
ચતુર્વર્ગસિદ્ધયર્થે જપે વિનિયોગઃ ॥

આ શ્રીહરિનાં એકસો આઠ નામનું શ્રી જનમંગલ નામનું સ્તોત્ર છે. તેના ઋષિ શતાનંદ મુનિ છે. તેનો છંદ અનુષ્ટુપ છે. તેના દેવતા ધર્મના પુત્ર શ્રીહરિ છે. તેનું બીજ ધાર્મિક એવા શ્રીહરિ છે. તેની શક્તિ-બ્રહ્મચર્ય વ્રત ધરનારા શ્રીહરિ છે અને તેનો આશ્રયસ્તંભ (કીલક-ખીલો) તે - ભક્તિનંદન એવા શ્રીહરિ છે. આ સ્તોત્રનો ઉપયોગ ચારે પુરુષાર્થની સિદ્ધિ માટે જપ કરવામાં આવે છે.

॥ અથ ધ્યાનમ્ ॥

વર્ણિવેષરમણીયદર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥

જેમનું દર્શન બ્રહ્મચારીના વેશમાં રમણીય છે, જેમનું મુખકમળ મંદ-હાસ્યથી સુંદર છે; અને જેને ઉત્તમ દેવો તથા મનુષ્યોએ આનંદથી પૂજેલા છે - તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું.-૪

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોઽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥

શ્રીકૃષ્ણ, શ્રીવાસુદેવ, નરનારાયણ, પ્રભુ, ભક્તિધર્મના પુત્ર, અજન્મા, કૃષ્ણ, નારાયણ અને હરિ તથા-૫

હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દન: ।
બૃહદ્વ્રતધર: શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવત: ॥

હરિકૃષ્ણ, ઘનશ્યામ, ધર્મવાન, ભક્તિના પુત્ર નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ધરનારા, શુદ્ધ, રાધાકૃષ્ણના ઇષ્ટદેવ તથા-૬

મરુત્સુતપ્રિય: કાલીભૈરવાદ્યતિભીષણ: ।
જીતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિક: ॥

હનુમાનજીને પ્રિય, કાલી અને ભૈરવને અતિ ભયાનક જણાતા, ઇંદ્રિયોને જીતનારા, આહારને જીતનારા, તીવ્ર વૈરાગ્યવાન, આસ્તિક તથા-૭

યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતીધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિત: ॥

યોગ વિદ્યાના ઈશ્વર, યોગકલાના પ્રવર્તક, ઘણી ધીરજવાળા, જ્ઞાની, પરમહંસ, તીર્થ કરનારા, તીર્થવાસીઓએ પૂજેલા તથા-૮

ક્ષમાનિધિ: સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપ:પ્રિય: ।
સિદ્ધેશ્વર: સ્વન્ત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તક: ॥

પાષણ્ડોચ્છેદનપટુઃ સ્વસ્વરુપાચલસ્થિતિઃ ।

પ્રશાન્તમૂર્તિનિર્દોષોઽસુરગુર્વાદિમોહનઃ ॥

ક્ષમાના ભંડાર, સદા નિદ્રાએ રહિત, ધ્યાન પરાયણ, તપ જેને પ્રિય છે તેવા, સિદ્ધોના ઈશ્વર, સ્વતંત્ર, બ્રહ્મવિદ્યા પ્રવર્તાવનારા તથા પાખંડનું ખંડન કરવામાં નિપુણ, પોતાના સ્વરુપમાં અચલ સ્થિતિવાળા, અતિશય શાંત મૂર્તિ, નિર્દોષ અસુરગુરુ વગેરેને મોહ પમાડનારા તથા-૯, ૧૦

અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।

મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥

અતિ કરુણામય નેત્રવાળા ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક, મહાવ્રતધારી, સાધુ જેવા ચરિત્રવાળા, સંત પુરુષો અને બ્રાહ્મણોને વિશેષે પૂજનારા તથા-૧૧

અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।

સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥

અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરનારા, પરમાત્માને સાકાર વર્ણવનાર સ્વામિનારાયણ, સ્વામી, કાળના દોષને હરનારા તથા-૧૨

સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।

કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥

સત્‌શાસ્ત્રોમાં સદા પ્રીતિવાળા, તત્કાળ સમાધિ કરાવનારા, શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓ સ્થાપન કરનારા, વામમાર્ગનું ખંડન કરનારા, કલિયુગમાં તારનારા તથા-૧૩

પ્રકાશરૂપો નિર્દમ્ભ: સર્વજીવહિતાવહ: ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદ: ।।

દિવ્ય તેજોમય મૂર્તિ, દંભરહિત, સકલ પ્રાણી માત્રનું હિત કરનારા, ભક્તિની સારી રીતે પુષ્ટિ કરનારા, શ્રેષ્ઠ વક્તા, ચારે પુરુષાર્થોના ફળ આપનારા તથા-૧૪

નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાઽતિપાવન: ।
અબુદ્ધિહૃદ્‌બ્રહ્મધામદર્શકશ્ચાપરાજીત: ।।

મત્સર વિનાના, ભક્તજનોના બખ્તરરૂપ, બુદ્ધિ આપનારા, અત્યંત પવિત્ર કરનારા; અજ્ઞાનનો નાશ કરનારા, અક્ષરધામ દર્શાવનારા કોઈથી નહિ જિતાયેલા તથા-૧૫

આસમુદ્રાન્તસત્કીર્તિ: શ્રિતસંસૃતિમોચન: ।
ઉદાર: સહજાનંદ: સાધ્વીધર્મપ્રવર્તક: ।।

સમુદ્રના છેડા સુધી સત્કીર્તિ ફેલાવનારા, આશ્રિતોને જન્મ-મરણથી મુકાવનારા, ઉદાર, સહજાનંદ, પતિવ્રતાના ધર્મો પ્રવર્તાવનારા તથા-૧૬

કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥

કામના ગર્વનું ગંજન કરનારા, વિષ્ણુયાગ કરનારા, (વેદના) પંચ દેવોએ સન્માનિત કરેલા. નૈષ્ઠિક વ્રતની પુષ્ટિ કરનારા તથા-૧૭

પ્રગલ્ભો નિઃસ્પૃહો સત્યપ્રતિજ્ઞો ભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥

અત્યંત ગંભીર, કોઈ પ્રકારની સ્પૃહા ન રાખનારા, પ્રતિજ્ઞાને સત્ય કરનારા, ભક્તો તરફ અતિશય પ્રીતિવાળા, રોષ રહિત, દીર્ઘ દૃષ્ટિવાળા, છ ઊર્મિઓને જીતવામાં સમર્થ તથા-૧૮

નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપકારકરઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥

અહંકાર વગરના, કોઈનો દ્રોહ નહિ કરનારા, સરળ સ્વભાવના, સર્વ પર ઉપકાર કરનારા, સર્વ નિયામક, ઉપશમ સ્થિતિવાળા, વિનયવાન, અજ્ઞાનને હરનારા તથા-૧૯

અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥

અજાતશત્રુ, લોભરહિત, મહાપુરુષ, સ્વાર્પણ કરનારા, ઋષિઓએ બાંધેલી મર્યાદાનું ખંડન ન થવા દેનારા, વ્યાસજીના સિદ્ધાંતને સ્પષ્ટ કરનારા તથા-૨૦

મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચક: ।
પૂર્ણકામ: સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મય: ।।

મનને વશ કરવાની કળા જાણનારા, યમના દૂતોથી મુકાવનારા, પૂર્ણકામ, સત્ય બોલનારા, ગુણોનું ગ્રહણ કરનારા, વિસ્મય કે ગર્વ રહિત તથા-૨૧

સદાચારપ્રિયતર: પુણ્યશ્રવણકીર્તન: ।
સર્વમંગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિત: ।।

સદાચાર ઉપર અતિશય પ્રીતિવાળા, સાંભળતાં કે ગાતાં પવિત્ર કરે એવી કીર્તિવાળા સર્વનું મંગળ કરનાર છે સુંદર સ્વરૂપ, વિવિધ ગુણો તથા ચરિત્રો જેમનાં એવાં-૨૨

ઇત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
ય: પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ।।

આવું આ મહાન જનમંગલ નામનું સ્તોત્ર છે તેનો પાઠ જે કરે તેને સર્વમંગલ નામના (હજાર નામવાળા) સ્તોત્રનો પાઠ કરવાનું ફળ મળે છે.-૨૩

યઃ પઠેચ્છૃણુયાદ્‌ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥

જે મનુષ્ય શ્રદ્ધાથી ત્રણે કાળ (સવાર, બપોર, સાંજ) આ સ્તોત્રનો પાઠ કરે, સાંભળે કે સંભળાવે તેનાં સર્વ પાપો નિશ્ચય નાશ પામે.-૨૪

એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥

આ સ્તોત્રનો હંમેશાં પાઠ કરનારને શ્રી હરિકૃષ્ણ ભગવાનની કૃપાથી ચાર પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ ને મોક્ષ) માંહેનો કોઈપણ પુરુષાર્થ દુર્લભ રહેતો નથી.-૨૫

ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીંબ્રહ્મરાક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઅપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥

આ સ્તોત્રના દશ હજાર પાઠ કરવાથી ભૂત, પ્રેત, પિશાચો, ડાકિણીઓ, બ્રહ્મરાક્ષસો, યોગિનીઓ અને બાલગ્રહો વગેરેની પીડા તથા શત્રુએ કરેલો અભિચાર કે રોગ અગર બીજા કોઈપણ ઉપદ્રવો એ સર્વનો અવશ્ય નાશ થાય છે; એમાં સંશય નથી.- ૨૬, ૨૭

દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ।।

આ સ્તોત્રના દરરોજ દશ પાઠ કરવાથી મનોવાંછિત સુખ મળે છે; માટે ગૃહસ્થો અને ત્યાગીઓએ આનો પાઠ અવશ્ય કરવો.-૨૮

ઇતિ શ્રી શતાનંદમુનિ વિરચિતં શ્રી જનમંગલાખ્યં શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।।

જનમંગલ સ્તોત્ર નામાવલી

૧. ૐ શ્રી શ્રીકૃષ્ણાય નમઃ
૨. ૐ શ્રી વાસુદેવાય નમઃ
૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ
૪. ૐ શ્રી પ્રભવે નમઃ
૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ
૬. ૐ શ્રી અજન્મને નમઃ
૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ
૮. ૐ શ્રી નારાયણાય નમઃ
૯. ૐ શ્રી હરયે નમઃ
૧૦. ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ
૧૩. ૐ શ્રી ભક્તિનન્દનાય નમઃ
૧૪. ૐ શ્રી બ્રહદ્વ્રતધરાય નમઃ
૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ
૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ

૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમ:

૧૮. ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમ:

૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમ:

૨૦. ૐ શ્રી જિતાહારાય નમ:

૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમ:

૨૨. ૐ શ્રી આસ્તિકાય નમ:

૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમ:

૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમ:

૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમ:

૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમ:

૨૭. ૐ શ્રી પરમહંસાય નમ:

૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમ:

૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમ:

૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમ:

૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમ:

૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમ:

૩૩. ૐ શ્રી તપ:પ્રિયાય નમ:

૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમ:
૩૫. ૐ શ્રી સ્વતંત્રાય નમ:
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમ:
૩૭. ૐ શ્રી પાષણ્ડોચ્છેદનપટવે નમ:
૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમ:
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમ:
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમ:
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમ:
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમ:
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમ:
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમ:
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમ:
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપ્રપૂજકાય નમ:
૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમ:
૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમ:
૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમ:
૫૦. ૐ શ્રી સ્વામીને નમ:

૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમ:
૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમ:
૫૩. ૐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમ:
૫૪. ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમ:
૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમ:
૫૬. ૐ શ્રી કલિતારકાય નમ:
૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમ:
૫૮. ૐ શ્રી નિર્દમ્ભાય નમ:
૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમ:
૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમ:
૬૧. ૐ શ્રી વાગ્મિને નમ:
૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમ:
૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમ:
૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમ:
૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમ:
૬૬. ૐ શ્રી અતિપાવનાય નમ:
૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમ:

૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમ:
૬૯. ૐ શ્રી અપરાજિતાય નમ:
૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયે નમ:
૭૧. ૐ શ્રી શ્રીતસંસૃતિમોચનાય નમ:
૭૨. ૐ શ્રી ઉદારાય નમ:
૭૩. ૐ શ્રી સહજાનંદાય નમ:
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમ:
૭૫. ૐ શ્રી કંદર્પદર્પદલનાય નમ:
૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમ:
૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમ:
૭૮. ૐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમ:
૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમ:
૮૦. ૐ શ્રી નિ:સ્પૃહાય નમ:
૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમ:
૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમ:
૮૩. ૐ શ્રી અરોષણાય નમ:
૮૪. ૐ શ્રી દીર્ઘદર્શીને નમ:

૮૫. ॐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમ:
૮૬. ॐ શ્રી નિરહંકૃતયે નમ:
૮૭. ॐ શ્રી અદ્રોહાય નમ:
૮૮. ॐ શ્રી ઋજવે નમ:
૮૯. ॐ શ્રી સર્વોપકારકાય નમ:
૯૦. ॐ શ્રી નિયામકાય નમ:
૯૧. ॐ શ્રી ઉપશમસ્થિતયે નમ:
૯૨. ॐ શ્રી વિનયવતે નમ:
૯૩. ॐ શ્રી ગુરવે નમ:
૯૪. ॐ શ્રી અજાતવૈરીણે નમ:
૯૫. ॐ શ્રી નિર્લોભાય નમ:
૯૬. ॐ શ્રી મહાપુરુષાય નમ:
૯૭. ॐ શ્રી આત્મદાય નમ:
૯૮. ॐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમ:
૯૯. ॐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમ:
૧૦૦. ॐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમ:
૧૦૧. ॐ શ્રી યમદૂતવિમોચકાય નમ:

૧૦૨. ॐ શ્રી પૂર્ણકામાય નમ:

૧૦૩. ॐ શ્રી સત્યવાદીને નમ:

૧૦૪. ॐ શ્રી ગુણગ્રાહિણે નમ:

૧૦૫. ॐ શ્રી ગતસ્મયાય નમ:

૧૦૬. ॐ શ્રી સદાચારપ્રિયતરાય નમ:

૧૦૭. ॐ શ્રી પુણ્યશ્રવણકીર્તનાય નમ:

૧૦૮. ॐ શ્રી સર્વમંગલસદ્રૂપનાનાગુણ-
વિચેષ્ટિતાય નમ:

શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટક

श्री धर्मसद्मन्यवतीय विष्णुर्यो वासुदेवो हरिकृष्ण ईशः ।
श्रीनीलकण्ठोऽत्र पुनाति मर्त्यान् ध्याये हरिंतं हृदि धर्मपुत्रम् ।। १ ।।

સર્વમાં વ્યાપક અને સર્વના નિયંતા એવા જે શ્રીહરિકૃષ્ણ વાસુદેવ ભગવાન તે ધર્મદેવના ઘરને વિષે અવતરીને અનેક મનુષ્યોને પવિત્ર કરે છે તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૧ ॥

यस्य स्वरूपे तिललक्षणानि स्वभक्तचेतांसि हरंति यद्वत् ।
अयांसि चाकर्षमणिप्रवेका ध्याये० ।। २ ।।

જે શ્રીહરિની મૂર્તિને વિષે રહેલાં તલ વગેરે ચિહ્નો છે તે ઉત્તમ ચુંબક મણિ જેમ લોહને ખેંચી લે તેમ, પોતાના ભક્તોનાં ચિત્તને ખેંચી લે છે. એવા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૨ ॥

यस्याक्षरे धामनि यत्प्रसक्ता क्रीडन्ति दिव्येऽक्षरसंज्ञमुक्ताः ।
सामन्तपुत्रा इव सर्वमान्या ध्याये० ।। ३ ।।

જે શ્રીહરિના દિવ્ય અક્ષરધામને વિષે કેવળ શ્રીહરિની મૂર્તિને વિષે પ્રીતિવાળા એવા અક્ષરધામના અનંત મુક્તો

શ્રીહરિની સેવારૂપ ક્રીડા કરે છે, અને જે મુક્તો ચક્રવર્તી રાજાના પુત્રોની પેઠે સર્વ દેવ ઈશ્વરોએ પણ માન આપવા યોગ્ય છે. તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૩ ॥

यस्यास्यपद्मेऽद्भुताभुरिशोभे वसंति नेत्र भ्रमरा जनानाम् ।
हंसा यथा मानसपद्मवृन्दे ध्याये० ।। ४ ।।

અદ્‌ભુત અને ઘણીક શોભાવાળા જે શ્રીહરિના મુખરૂપી કમળને વિષે ભક્તજનોની આંખ્યોરૂપી ભમરાઓ, માનસ સરોવરમાં કમળોના સમૂહને વિષે જેમ હંસો રહે છે તેમ નિવાસ કરી રહે છે, એવા મુખારવિંદવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૪ ॥

यः पोषयत्यत्र निजान्स्वकीयज्ञानोपदेशेन सुधोत्तमेन ।
वत्सान्सुशीला पयसा यथा गौः ध्याये० ।। ५ ।।

જે શ્રીહરિ આ લોકને વિષે અમૃત થકી પણ ઉત્તમ એવા પોતાના માહાત્મ્ય જ્ઞાનના ઉપદેશ વડે, જેમ સારા સ્વભાવવાળી ગાય દૂધ વડે પોતાનાં વાછડાંઓનું પોષણ કરે તેમ પોતાના ભક્તોનું પોષણ કરે છે, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૫ ॥

पाषंडधर्माह्रदयेन यस्य शाक्ता व्यलीयन्त यथोदितेऽर्के ।
धूका वृषद्वेषिण एव चान्ये ध्याये० ।। ६ ।।

જે શ્રીહરિના પ્રગટ થવાથી પાખંડ ધર્મવાળાઓ તથા શક્તિ માર્ગવાળાઓ અને બીજા જે ધર્મના દ્વેષીઓ તે, સૂર્યના ઊગવાથી જેમ ઘૂવડ સંતાઈ જાય તેમ સંતાઈ ગયા, તેવા પ્રતાપવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૬ ॥

यत्पादपद्मेऽक्षरमुक्तचेतोभृङ्गा रमन्ते सरसीव मीनाः ।
आसेव्यमाने भुविं भूरि भक्तैः ध्याये० ।। ७ ।।

પૃથ્વીને વિષે ઘણા ભક્તોએ અતિ પ્રેમથી સેવેલા જે શ્રીહરિના ચરણકમળને વિષે. અક્ષરમુક્તોના ચિત્તરૂપી ભમરાઓ, તળાવને વિષે પોતાના જીવનરૂપ જળમાં માછલાં રમે તેમ રમે છે- શ્રીહરિના ચરણને પોતાનું જીવન જાણી તેને તજી શકતા નથી તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૭ ॥

यदीयसौन्दर्य गुणादिपारं शेषादयो यान्ति न यस्य भक्ताः ।
वाच्छन्ति नैवाक्षर सौख्यगन्तः ध्याये० ।। ८ ।।

જે શ્રીહરિના સુંદરપણા આદિક ગુણોનો પાર શેષનારાયણ વગેરે પણ પામતા નથી, અને જે શ્રીહરિના ભક્તો ભગવાનની મૂર્તિ સિવાય અક્ષરધામના સુખને પણ અંત:કરણમાં ઇચ્છતા નથી, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૮ ॥

गोपालानन्दनाम्ना रचितमतिशुभं त्वष्टकं सन्मयेदं
प्रीत्यै श्रीधर्मसूनोः प्रकट भगवतः स्वामिनारायणस्य ।।
तन्माहात्म्यावबोधं य इदमिह जनः श्रावयेत्कीर्तयेद्वा
स स्याद्वै ब्रह्मरूपो हरिरतुलमुदं प्राप्नुयात्तत्र धार्मिः ।। ९ ।।

ગોપાળાનંદ મુનિ છે નામ જેનું એવા અમે, શ્રી ધર્મદેવના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે, તેમના મહિમાને જણાવનારું માટે સર્વથી ઉત્તમ આ અષ્ટક રચેલું છે તેને જે મનુષ્ય આ લોકને વિષે કહેશે અથવા સાંભળશે તે પોતે બ્રહ્મરૂપ થાશે ને શ્રીહરિની અતિ પ્રસન્નતાને નિશ્ચે પામશે.

। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

‘ઉદ્ધવ સંપ્રદાય’ના ‘દાસ’ પદવીના

સંતવર્ય

કવિશ્રી રસિકદાસ કૃત

ધ્યાનમાળા

દોહરો :

રહો સદા મમ ઉરમહીં, સહજાનંદ મહારાજ;
સકળ સુખનિધિ મહાપ્રભુ, સર્વ સુધારણ કાજ.
સદા તમારી સ્મૃતિ રહે, અખંડ ઉર એકતાર;
માગું એ વર શ્રીહરિ, દીજે ધર્મકુમાર.

પૂર્વછાયો :

મૂર્તિ મનોહર સ્વભાવ સુંદર, પ્રાણ સ્નેહી પ્રીતશું;
ધારી મનમાં મહાપ્રભુજી, વર્ણવું રસ રીત શું. ૧

પદપંકજ શુભ બેઉની છે, વાલપ સુંદરતા અતિ;
કાંતિ કમળ અરુણ જેવી, નિત નવી મન લોભતી. ૨

રસિક રેણુ સમાન સુંદર, રેખા ચિહ્ન ચરણકમળમેં;
તેમાં ભક્ત મન મધુકર, ભાવે શું નિશદિન ભમે. ૩

પાનીની બે કોરે થઈને, અંગુઠા પાસ જે આંગળી;
ઊર્ધ્વ રેખા અતિ સુંદર, તેની બેઉ કોરે નીકળી. ૪

જવ વજ્રને કમળ કેતુ, અંકુશ જંબુ અનુપ છે;
સ્વસ્તિ અષ્ટકોણ ચરણ જમણે, ચિહ્ન મહાસુખરૂપ છે. ૫

કળશ શશીને વ્યોમ ધનુષ્ય, ગોપદ ત્રિકોણ મીન એ;
પરમ સુખદાઈ ચરણ ડાબે, સાત છે શુભ ચિહ્ન એ. ૬

અંગુઠા આંગળી કમળ કળી, નખ મનોહર લાલ મણી;
અનુપ કાન્તિ કરણ શાન્તિ, શોભા અપાર છે તેહ તણી. ૭

જમણા પગના અંગુઠાના, નખમાં કારણ સુખનું;
ચિહ્ન અનંત નિધિનું સ્થાનક, હરણ ભવ ભય દુઃખનું. ૮

ઘૂંટી અનુપમ પિંડી પાતળી, નમણી નાજુક બેઉ નળી;
તે પર મોટાં બિંદુ જેવાં, ચિહ્ન મનોહર છે વળી. ૯

જાનુ રૂપાળા જોયા જેવા, શોભા તે નવ જાય કહી;
વાલપ સુંદરતા અલૌકિક, સાથળમાં વળી છાંઇ રહી. ૧૦

જમણા સાથળ બા'ર રૂપાળું, ચિહ્ન એક છે સોહામણું;
ડાબા સાથળ બા'ર બે ચિહ્ન, રૂપ અનુપમ તેહ તણું. ૧૧

કટિ કામની વધુ વિલાસી, છબી અનંત સુખ રસ ભરી;
શ્વેત ખેસ પહેર્યો સુંદર, ચતુરાઈએ શું શ્રીહરિ. ૧૨

ખેસ ઘસારાનાં કેડે રૂડાં, બે કોરે ચિહ્ન શ્યામ છે;
ઊંડી નાભિ ગોળ સર્વે, સુંદરતાનું ધામ છે. ૧૩

મનોહર ત્રણ વળ પેટે, અનુપ કોમળતા અતિ;
વર્ણવતા શેષ શારદ હારે, પોં'ચે નહિ કોઈની મતિ. ૧૪

હૃદય કમળ શુભ લંક રૂપાળો, તેમાં ચિહ્ન શ્રીવત્સનું;
લલિત નવીન શોભે જાણિયે, રૂડું એનું રૂપ રસનું. ૧૫

ઉર વિશાળ છે છાતી ઉપડતી, અર્ધચંદ્ર જેવું એહમાં;
અતિ મનોહર ચિહ્ન છે એક, તિલ શોભાનિધિ તેહમાં. ૧૬

રૂપરાશિ શુભ સ્તનમહીં, થોડાંક ઊંચાં તેહથી;
છાતિમાં છાપનાં ચિહ્ન સુંદર, તાણે તે ચિત્ત સ્નેહથી. ૧૭

હસ્તકમળ બે હરિવરના, વાંચ્છિત સુખદાઈ જનને;
અરૂણતા શુભ વાલપ એની, મોહ પમાડે મનને. ૧૮

તેમાં અનુપમ ગૂઢ રેખું, ઊંચી અંગૂઠા આંગળી;
રાતા નખ છે મણિ જેવા, જોતાં જાય ચિતડું ચળી. ૧૯

કળાઈ બે ને બે બાજુ પર, ચિહ્ન મનોહર છાપનાં;
બિંદુ સમ ચિહ્ન શોભે કરપર, હરણ સર્વ સંતાપના. ૨૦

ડાબા ખંભાની પાસ વાંસે, રોમે સહિત એક તિલ છે;
અનંત સુખ રહે છે એ ભેળાં, એવાં એનાં શીલ છે. ૨૧

કંઠ છે કંબુ સમાન સુંદર, છબી મનોહર તેહની;
વદન કમળ દેખતાં જન, દશા ભૂલે દેહની. ૨૨

રૂપાળી અતિ ચિબૂક છબી, કોમળતા કપોળની;
ભાળી મહાસુખ ઊપજે, હરે પીડા ભવ દુઃખની. ૨૩

અધર રાતા રૂડા રસીલા, શોભિત ભીના સુધા રસે;
જોતાં જનમન તૃપ્ત થઈને, ત્યાંથી પાછું નવ ખસે. ૨૪

દાડમ ને ડોલરની કળીઓ, એવી છે દંત પંગતી;
ઝાંખી કરે શશી જ્યોતને, તે તેજની કાંતિ અતિ. ૨૫

જમણી કોરે હેઠલી દાઢ, પ્રથમમાં શ્યામ ચિહ્ન છે;
શ્યામ ચિહ્ન એક જીભ અગ્રે, તે ચિત્ત ચોર પ્રવીણ છે. ૨૬

સુંદરતા સર્વ રૂપ રાશિ, નવરંગ છબી નાકની;
અધર ઉપર ઝૂકતી જેમ, બિંબ ફળ શુક તાકની. ૨૭

નાક નજીક છે કપોળ જમણે, શ્યામ ચિહ્ન શોભાનિધિ;
મુખ પર ઝીણાં ચિહ્ન બિંદુ, શોભે છે તે અનંત વિધિ. ૨૮

ચપળતા મીન મદ ગંજન, નૌતમ કમળ નેણની;
પાંપણ પતાકા પરમ હેતુ, શોભે મહા સુખદેણની. ૨૯

નેણુંમાં શુભ રેખું રાતિ, કીકી કામણગારીયું;
જોતાં જન પરમાનંદ પામે, વિષય સુખ વિસારીયું. ૩૦

ભ્રકુટિ કુટિલ જાણિયે, કરડી કમાન કામની;
અતિ સ્નેહે ચોટે તેહમાં, વૃત્તિ પુરુષ ને વામની. ૩૧

હાસ્ય કટાક્ષ નલવટ રેખા, અર્ધચંદ્ર સમ થાય છે;
સુંદર ભાલ વિશાળ જોતાં, કોટિ કામ લજાય છે. ૩૨

છબી અનુપમ શ્રવણ કેરી, જોતાં જગ રીત વીસરુ રે;
મહાસુખ પામી જનનું મન, તેમાંથી નવ નીસરે. ૩૩

શ્યામ બિંદુ વામ કરણમાં, જન હેતુ હરણ ભવફંદનું;
કેશને પાસે ભાલ જમણે, ચિહ્ન છે એક આનંદનું. ૩૪

ચોટી સુંદર રૂડી રસીલી, શીશ છે શોભા કેશની;
વર્ણવતાં નવ પોં'ચે મતિ, શારદ શેષ ગણેશની. ૩૫

ઝીણા ઝીણા તિલ જેવાં, ચિહ્ન અંગો અંગ છે ઘણા;
રૂડાં રૂપાળાં જોયા જેવાં, સદન સુખ શોભા તણા. ૩૬

સામુદ્રિકમાં જે ચિહ્ન કહ્યાં, સર્વે એ છે અંગે ઘનશ્યામને;
એકએક અંગ ઉપરે વારું, કોટિ કોટિક કામને. ૩૭

કહ્યાં અંગ ચિહ્ન બુદ્ધિ પ્રમાણે, જોયેલ મારા નેણનાં;
હવે કહું છું જેમ છે તેમ, ચરિત્ર મહાસુખ દેણનાં. ૩૮

રાત પાછલી મૂરત હોય, ત્યારે તે ઊઠે શ્રીહરિ;
દાતણ કોમળ આપે જન, લોટો સુંદર જળે ભરી. ૩૯

દાતણ ઉપર આંગળી બે, આંગળી અંગૂઠો ધરે;
ચતુરાઈએ દાતણ ચાવી, પછી મુખ મંજન કરે. ૪૦

દાતણ કરીને પાઘ બાંધે, છોગાં મેલી શિર પરે;
આંટો અનુપમ પેચ આણી, જન મન ચિત્તને હરે. ૪૧

ડાબે ખંભે આડસોડે નાખી, ઓઢે શ્વેત દુશાલને;
પધારે બહાર મહાપ્રભુ લઈ, જમણે હાથ રૂમાલને. ૪૨

ડાબે હાથ કેડે દઈને, જમણો હાથ હલાવતા;
વ્હાલા લાગે વાલમજી બહુ, સામા ચાલ્યા આવતા. ૪૩

સહજ સ્વભાવે ઉતાવળી છે, ચાલ અતિ હરિવરની;
ઊભા રહેતાં સાથળે મારે, મૂઠી જમણા કરની. ૪૪

ઇચ્છા હોય બેસવાની ત્યાં, સેજ બિછાવે જન લઈ;
જમણો ઢીંચણ પ્રથમ મેલી, બેસે સેજ ઉપર જઈ. ૪૫

જમણી કોણી પડખું જમણું, બેઉ તકિયા પર ધરી;
બેસે અતિ રસ રિત શું, જન સુખકારી શ્રીહરિ. ૪૬

તોરા હાર ગુચ્છ ગજરા બાજુ, ધરાવે જન લાવીને;
ફૂલ સુગંધી તે પર ભમરા, ગુંજારવ કરે આવીને. ૪૭

હરિ બોલે સંત જન સામું, હાથે લટકાં કરતા;
નીસરે શબ્દ વદનમાંથી, રસ અમૃત ઝરતા. ૪૮

સાંખ્ય યોગ અને ભક્તિ ધર્મ, વાતો જ્ઞાન વૈરાગ્યની;
કરે અનંત પ્રકારના વળી, કામ લોભ વિષય ત્યાગની. ૪૯

તાળી પાડી કાં ચપટી વગાડી, સંત ભેળા કીર્તને;
ગાય અતિ રસ રીત શું, હરતા હરિજન મનને. ૫૦

ક્યારેક માળા ફૂલ ફળ લઈ, રમાડે વળી ફેરવે;
આંગળીઓનાં આંક ગણે, વળી અંગૂઠાના ટેરવે. ૫૧

શીતળ જાણી આંખે દાબે, લીંબુ પુષ્પ સુગંધ લીએ;
ક્યારેક છેડે રૂમાલને વળ, ચપટીએ કરીને દીએ. ૫૨

ઓચિંતાના ઝબકી જાગે, કરતા ધ્યાન વિચારને;
વળી દાંતે જીભ દબાવે, ટેવ એ ધર્મકુમારને. ૫૩

હરે હરે કહે બગાસું ખાતાં, મુખ આડી મૂઠી દીએ;
છીંકે તો મુખ આડો દેવા, રૂમાલને ખોળી લીએ. ૫૪

ક્યારેક પગ બે હેઠા મેલી, ઢીંચણે બે કોણી ધરી;
હાથ બે કપોળે દઈને, બેસે જન સામા હરિ. ૫૫

કયારેક બે હાથના જે અગર, આંગળીઓ તણા;
સામ સામા અડાડે હરિ, ક્યારેક મર્મ કરે ઘણા. ૫૬

મર્મ કરે કાંઈ મોજ હોય તો, બહુ વદન વિકાસીને;
હસે અતિ ઉધરસ સોતા, અધર સુધા પ્રકાશીને. ૫૭

લોટી જાય વળી સેજમાં, ઉધરસ સહિત હસતા;
હાથે કરી પેટ ઝાલી રાખે, રાજીપે રસબસતા. ૫૮

ક્યારેક દબાવે શરીર પોતાનું, જાણવા જન જોરને;
ક્યારેક સર્વે શરીરે લઈને, કરાવે ચંદન ખોરને. ૫૯

દાઢીએ હાથ દઈ ડોક મરોડે, કડાકા વાગે છે માંહીએ;
વળી કડાકા વગાડે હરિ, આંગળીઓની આંટીએ. ૬૦

કામ હોય કોઈ જનનું ત્યારે, અંગૂઠા પાસે જે આંગળી;
તે હલાવી લીએ બોલાવી, કરી નેણ સાને વળી. ૬૧

ક્યારેક શેલડી કેરી જમે, ભાવ જનનો જાણીને;
કયારેક ફળ કંદ ઓળા દાણા, જમે જીવન વખાણીને. ૬૨

પ્રસાદી હાર દેવા વળી, સંત જન સામા ઘા કરે;
કોઈને હાથો હાથ આપે, કોઈના કંઠમાં ધરે. ૬૩

એવાં ચરિત્ર અનંત ભાંતિ, કરે જનને ગમવા;
થાય પછી જમવાનું ટાણું, પધારે હરિ જમવા. ૬૪

ચાલે આડી મીટે જોતા, મો'તા તે જનનાં મનને;
નાવા બેસે મહાપ્રભુજી, બાજોઠે ચંદનને. ૬૫

પ્રથમ અત્તર ચોળીને જન, નવરાવે ઊને જળે;
જળ લોટા ભરી હાથ પોતાને, શિર ઢોળે હરિ તે પળે. ૬૬

નાહીને ઊભા થઈ નીચોવે, સાથળ ઉપર પોતિયું;
અંગ લૂછી અલૌકિક રીતે, પેરે શ્વેત શુભ ધોતિયું. ૬૭

શ્વેત ચાદર ઓઢે માથે, રાખી ઊઘાડા કાનને;
બેસે મખમલ ગાદીએ જઈ, હરતા મદન માનને. ૬૮

ડાબા પગની પલાંઠી વાળી, તે પર ડાબો કર ધરી;
જમણી કોણી ઢીંચણે મેલી, જમે રસ રીતે કરી. ૬૯

વારે વારે વળી રસિયો, જમતાં જમતાં જળ પીએ;
પાક શાક બહુ સ્વાદુ હોય તો, મન માન્યા જનને દીએ. ૭૦

જમી ચળુ કરી ફેરવે પછી, હાથ પેટે ઓડકારતા;
રૂપા સળીએ દાંત ખોતરે, એલચી દાણા મુખ ધરતા. ૭૧

પૂજા કરે જે જન તેને, ચરણ છાતી મુખ માથે દઈ;
જાય જમાડવા સંત જનને, હરિ અતિ પ્રસન્ન થઈ. ૭૨

ડાબા ખંભાને ઉપર નાખી, બાંધી કેડે લઈ ખેસને;
સંત જન મહાસુખ પામે, નીરખી હરિવર વેશને. ૭૩

પીરસવા સંત પંગતી માંહી, વાલમ વારંવાર ફરે;
લીયો મહારાજો લાડુ એમ, ઘેરે સાદે ઊચરે. ૭૪

લાડુ જલેબી આદિ ભોજન, સંત જનને જમાડતા;
મહાપ્રસાદ કહી મુખમાં આપે, આનંદ અતિ પમાડતા. ૭૫

'માથે મેલું હાથ લાડુ લીયોતો', એમ કહે પ્રસન્ન થઈ;
દૂધ દહીં ફેરવતા વળી, ઢોળે કોઈ સંત શિર લઈ. ૭૬

હસતા હસતા હાથ ધૂએ, રસિયો રાજી થઈ અતિ;
પછી જાય પોઢવા સારુ, સુખસજ્યા પર શ્રીપતિ. ૭૭

પોઢીને જાગે ત્યારે વળી, બહાર શ્રીહરિ આવીને;
મગાવે ઘોડી માણકી, સંત જનને બોલાવીને. ૭૮

હરે નારાયણ એમ કહીને, બેસે ઘોડીએ શ્રીહરિ;
નાવા જાય જન મન મો'તા, છોગલાં સુંદર શિર ધરી. ૭૯

ઘેલા માંહે ખળખળીએ જઈને, ઘોડી ઉપરથી ઊતરે;
હાથ ગ્રહી નિજ સખા કેરો, જળ મધ્યે પ્રવેશ કરે. ૮૦

બળવંત જળ બહુ ઘેરા કેરું, ચડે માથે જેમ શેષફણી;
બેઉ ખભા પર છોળ્યું ચાલે, શોભા ન કહી જાય તેહ તણી. ૮૧

જળ બિંદુ પડે મુખ ઉપર, તેની સુંદરતા અતિ;
છાતી મુખ છબી જોતાં પામે, મોહ કોટિ રતિપતિ. ૮૨

કીર્તન ગાય જન સંગે વળી, હાથે ઉછાળે તોયને;
કંઈક જળમાં તણાય સંતજન, હસે વળી તે જોઈને. ૮૩

બહુ રીતે એમ ક્રીડા કરીને, જળથી બહાર નીસરે;
કોરાં વસ્ત્ર પહેરીને અંગે, પછી ચડે ઘોડી ઉપરે. ૮૪

લક્ષ્મીવાડીએ જાય વળી, રસિયો રમૂજ કરવા;
ઓટા ઉપર જઈને બેસે, જનનાં મન હરવા. ૮૫

કેરી કેળાં નારંગી આદિ, ફળ તે જન આગે ધરે;
પુષ્પ આભૂષણ પહેરાવીને, પ્રેમે શું પૂજા કરે. ૮૬

કીર્તન હાસ્ય વિલાસ એમ, રમૂજ કરી ઝાઝી ઘડી;
પછી પધારે ગામમાં હરિ, છેલ ચતુર ઘોડીએ ચડી. ૮૭

ખગેશ મદહર માણકી, દોડાવે અતિ વેગે કરી;
પેચ શીથળ થાય પાઘના તે, ઝાલી રાખે હાથે હરિ. ૮૮

ફરફરે તોરા માધ માંહી, લટકે સુંદર છોગલું;
શશી શોભા હરે કાંતિ, રૂડું લાગે તે છેટેથી ભલું. ૮૯

એમ રમૂજ કરતા સજ્યા પર, બેસે હરિવર આવીને;
પ્રશ્ન ઉત્તર કરે પોતે, સંત સભા બોલાવીને. ૯૦

સંત સરોદા સત્તાર દુકડ, વજાડી કરે ગાનને;
તે ભેળા કરે ગાન પોતે, મેળાવી સુંદર તાનને. ૯૧

કથા કીર્તન વાત કરતા, સંત સમીપે આવી ખસી;
મન ગમતી મોજ આપે, સંતને અતિ હૈયે હસી. ૯૨

સાંજે નારાયણ ધૂન કરે, ઘેરે સાદે બોલતા;
તાળી પાડી ઉતાવળી બહુ, રીત અલૌકિક ડોલતા. ૯૩

વળી ઉત્સવ આવે ત્યારે, દેશ દેશના જન મળી;
લાવે અમૂલ્ય વસ્ત્રાભૂષણ, પહેરે પ્રાણજીવન વળી. ૯૪

પાઘ બાંધે શિર સોનેરી, બનાવે પંક્તિ પેચની;
મેલે છોગલું તેમાં ઝળકતું, દાબે કાંતિ દિનેશની. ૯૫

જામો જરીનો સુરવાળ સુંદર, નાડી જરીની લટકતી;
કેડે ફેંટો જરકશી વળી, ખંભે શેલું શોભે અતિ. ૯૬

બાંયે બાજુબંધ મણિ જડિત, કલંગી તોરા શિર ધરે;
કાને કુંડળ મણિમય તે, ચંદ્રની કાંતિ હરે. ૯૭

હેમકડાં બે હાથમાં, વેઢ વીંટી મણિમય ઝળહળે;
કોટે સોનેરી સાંકળ વળી, હાર મણિનો હીંડળે. ૯૮

સાવ સોનેરી હીંડોળો તે, માથે શ્રૃંગ મણિતણા;
ચહુ કોરે જરી સમ રૂડા, મોતી પેર શોભે ઘણાં. ૯૯

મણિતણો શિર મુગટ ધારી, ઝુલે હીંડોળે શ્રીહરિ;
કોટિક મદન મોહ પામે, મદ પોતાનો વીસરી. ૧૦૦

હુતાસણી ને વસંત પંચમી, સંત જન સંગે તે સમે;
અતિ રાજી થઈને રસિયો, રંગભીનો રંગે રમે. ૧૦૧

કેશર કેશુ આદિ રંગ બહુ, ઊડે ગુલાલની ડમરી;
હરિ હરિજન છબી શોભે, લાલ પીળા રંગે ભરી. ૧૦૨

પિચકારી કર કંચન કેરી, ભરી રસિયો રસ રંગમાં;
તાકી તાકી મારે જનને, અલબેલો અતિ ઉમંગમાં. ૧૦૩

જન સર્વે ચહુ કોરથી, પિચકારી ચલવે અતિ ઘણી;
રસબસ બહુ રંગે શોભે, મૂર્તિ ધર્મકુંવર તણી. ૧૦૪

ગુલાબ ગોટા સંત જનને, મારે રસિક રાજી થઈ;
સંતને મુખે ગુલાલ ભૂંસે, હરિવર નિજ હાથે લઈ. ૧૦૫

વળી ક્યારેક બાથમાં લઈ, સલૂણો સંતને મળે;
આપે સુખ નિત નવું જનને, પ્રાણજીવન પળે પળે. ૧૦૬

એવા ચરિત્ર બહુ અનંતવિધિ, અપાર પાર કોઈ નવ લીયે;
બુદ્ધિ પ્રમાણે કાંઈ કહ્યું મે, જેમ સિંધુજળ ચકલું પીયે. ૧૦૭

માળા અચળ સુખકરણ આ, રચેલ રસિકદાસની;
ગાય શીખે જે સાંભળે તેને, મટે પીડા ભવ ત્રાસની. ૧૦૮

દોહરો :

આ માળા નિત નિયમથી
શીખે સુણે ધરી ચિત્ત;
પ્રિત થશે પરિબ્રહ્મમાં
સ્હેજે થશે જગજીત.

થાળ

જમો થાળ જીવન જાઉં વારી,
ધોવું કર ચરણ કરો ત્યારી;
    જમો થાળ જીવન જાઉં વારી. ટેક૦
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી,
કટોરા કંચનની થાળી;
    જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો૦
કરી કાઠા ઘઉંની પોળી,
મેલી ઘૃત સાકરમાં બોળી;
    કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો૦
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી,
દૂધપાક માલપુવા કઢી;
    પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી. જમો૦
અથાણાં શાક સુંદર ભાજી,
લાવી છું તરત કરી તાજી;
    દહીં ભાત સાકર છે ઝાઝી. જમો૦

ચળુ કરો લાવું હું જળઝારી,
એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી. જમો૦
મુખવાસ મનગમતા લઈને,
પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસને રાજી થઈને. જમો૦
કમરે કસીને ફેંટો,
રાજેશ્વર ઓઢીને રેંટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો. જમો૦

આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨), બળવંત બહુનામી.જય...
ચરણસરોજ તમારાં, વંદું કર જોડી; (૨)
ચરણે શીશ ધર્યાથી (૨), દુઃખ નાખ્યાં તોડી.જય...
નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી; (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨), અગણિત નરનારી.જય...
નિત્ય નિત્ય નૌતમ, લીલા કરતા અવિનાશી; (૨)
અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી.જય...
પુરુષોત્તમ પ્રકટનું, જે દર્શન કરશે; (૨)
કાળકર્મથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે.જય...
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી; (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨), સુગમ કરી સિદ્ધિ.જય...

સ્તુતિ

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે;
જેના રોમ સુછિદ્રમાં અણુસમા, બ્રહ્માંડ કોટિ ફરે.
માયા કાળ રવિ શશી સુરગણો, આજ્ઞા ન લોપે ક્ષણ;
એવા અક્ષરધામના અધિપતિ, શ્રી સ્વામિનારાયણ.

આવી અક્ષરધામથી અવનીમાં, જે દેહધારી થયા;
આપ્યાં સુખ અપાર ભક્તજનને, દિલે ધરીને દયા.
કીધા ચારું ચરિત્ર ગાન કરવા, જેણે કરુણા કરી;
વંદુ મંગળ મૂર્તિ ઉર ધરી, સર્વોપરી શ્રીહરિ.

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો, લૈ તીર્થમાંહી ફર્યા;
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા.
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી, સંક્ષેપમાં ઉચ્ચરી.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ વિદ્યા ચ દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વમ્ મમ દેવ દેવ ॥

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા ।
સધર્મ ભક્તેરવનં વિધાતા ॥
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં ।
તનોતુ કૃષ્ણોઽખિલ મંગલં નઃ ॥

પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ૨
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪
હે કૃપાલો! હે ભક્તપતે!, ભક્તવત્સલ! સુનો બાત;
દયાસિંધો! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય. ૭

હિંસા ન કરની જન્તકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ્ય. ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત. ૯
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુનિ નહિ જાત. ૧૦
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આસ. ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત. ૧૨

બાહ્ય પૂજાવિધિ

સૂર્ય ઊગ્યા પહેલાં ઊઠી, શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મુક્તોના નામનું ઉચ્ચારણ કરી, તેમને સ્તુતિ-પ્રાર્થના કરી, તેમનું ધ્યાન કરવું. ત્યાર બાદ પથારીમાંથી ઊઠી પ્રાતઃવિધિ કરવી. કુદરતી હાજત-શૌચવિધિ પછી હાથ-પગની બરાબર શુદ્ધિ કરવી. તે પછી એક જગ્યાએ બેસીને, ગાળેલા પાણીથી ધોયેલું દાતણ કરવું ને ગાળેલા પાણીથી કોગળા કરી મુખશુદ્ધિ કરવી. દાતણ કરતાં કરતાં હરવું-ફરવું નહિ ને વાતો કરવી નહિ. ત્યાર બાદ ચોખ્ખા પાણીથી સ્નાન કરવું ને તે વખતે ભગવાનનાં નામોનું તથા તીર્થોનાં નામોનું સ્મરણ કરવું. નાહ્યા પછી ધોયેલાં ચોખ્ખાં વસ્ત્રો પહેરવાં. ધોતિયું પહેરવું ને ખેસ કે શાલ ઓઢવાં. સુતરાઉ ધોતી પહેર્યા પછી ફરી ધોઈને પૂજામાં પહેરવા લેવી. રેશમી ધોતી ધોયા વગર ફરી પહેરી શકાય. મેલાં વસ્ત્રો ન પહેરવાં. પૂજા કરવા માટે શાંત પવિત્ર જગ્યાએ, બરાબર બેસી શકાય તેવા પવિત્ર આસન ઉપર પૂર્વ કે ઉત્તર મુખે બેસવું. આ બધી બહારની શુદ્ધિ સાથે મનથી પણ પવિત્રપણે રહી પ્રેમપૂર્વક

પૂજા કરવી.

જમણા હાથની હથેળીમાં ચોખ્ખું-ગાળેલું પાણી લઈ 'ૐ શ્રી સ્વામિનારાયણાય નમ:' બોલી આચમન કરવું. ફરીથી પાણી હથેળીમાં લઈ 'ૐ શ્રી હરિકૃષ્ણાય નમ:' બોલી આચમન કરવું. તેમ જ ત્રીજી વાર પાણી હથેળીમાં લઈ 'ૐ શ્રી ઘનશ્યામાય નમ:' એમ નામમંત્ર બોલીને આચમન કરવું. આમ ત્રણ વખત આચમન કર્યા બાદ હથેળી સ્વચ્છ પાણીથી ધોઈ નાખવી. ત્યાર પછી પુરુષોએ કપાળ, છાતી, બે હાથના બાહુ -એમ ચાર જગ્યાએ પ્રસાદીના ચંદનથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરી તેમાં કંકુનો કે ચંદનનો ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કપાળમાં માત્ર ચાંદલો કરવો. તે તિલક-ચાંદલો કરતી વખતે 'સ્વામિનારાયણ' મહામંત્ર બોલવો. તે પછી માનસી પૂજા કરવી. ભાવથી રોમાંચિત થઈ ગદ્ગદ કંઠે કરેલી માનસી પૂજાને શ્રીહરિએ વખાણી છે, તેથી ભાવથી પૂજા કરવી.

ત્યાર બાદ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ચિત્રપ્રતિમાને ઉત્તમ આસન ઉપર પધરાવી આવાહન કરવું:

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ! સ્વામિનારાયણ! પ્રભો! ।

ધર્મસૂનો દયાસિંધો સ્વેષાં શ્રેય: પરં કુરુ ॥
આગચ્છ ભગવન્! દેવ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ સદા ત્વં સંમુખો ભવ ॥

આ આવાહનમંત્ર પ્રેમપૂર્વક બોલી આદરથી નમસ્કાર કરવા નૈવેદ્ય-ધૂપ-દીપ-પુષ્પાદિક અર્પણ કરવાં. પછી મૂર્તિ સન્મુખ દૃષ્ટિ રાખી 'બ્રહ્માહમ્ સ્વામિનારાયણદાસોસ્મિ' એ મહામંત્રનો જપ કરવો. જપ માટેની માળાને ગૌમુખી કે વસ્ત્રમાં ઢાંકીને એકાગ્ર ચિત્તે જપ કરવો. ત્યાર બાદ ભગવાનની પ્રદક્ષિણા કરવી. પુરુષોએ સાષ્ટાંગ દંડવત્ ને સ્ત્રીઓએ પંચાંગ પ્રણામ કરવા. ભગવાનને આદરપૂર્વક સ્તુતિ-પ્રાર્થના કરીને વિસર્જન કરવું.

સ્વસ્થાનં ગચ્છ દેવેશ! પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામ પ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥

એ વિસર્જનમંત્ર બોલવો. તે પછી 'શિક્ષાપત્રી'નો પાઠ કરવો.

આ રીતે શ્રીહરિજીની પૂજા કર્યા પછી જ વ્યાવહારિક કાર્યમાં જોડાવું.

માનસી પૂજા

શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે અતિશય સ્નેહ વધે તે માટે માનસી પૂજા ઉત્તમ સાધન હોવાથી નિયમિતપણે ને ભાવપૂર્વક માનસી પૂજા કરવી.

શ્રીજીમહારાજની માનસી પૂજા દિવસમાં પાંચ વખત કરવી. પવિત્ર થઈ, પવિત્ર આસને બેસીને શ્રીહરિજીનો મહિમા વિચારવો. પોતાના આત્માને ત્રણ દેહ થકી જુદો માનીને પ્રતિલોમપણે પુરુષોત્તમરૂપપણાની ભાવના કરીને અથવા તેજરૂપ અક્ષરધામની સાથે એકપણાની ભાવના કરીને પોતાને વિષે વિરાજમાન શ્રીહરિજીનું ધ્યાન કરી, માનસી પૂજા કરવી.

(૧) સવારના પાંચથી સાત વાગ્યા સુધીના સમયમાં પ્રથમ માનસી પૂજા કરવી. યોગનિદ્રાથી સુખશય્યામાં પોઢેલા શ્રીહરિજીની સંતો-હરિભક્તો સ્તુતિ-પ્રાર્થના કરે છે ત્યારે શ્રીજીમહારાજ જાગૃત થઈ તકિયાનું ઓઠિંગણ દઈ વિરાજે છે. તેમનાં અંગોઅંગ અતિશય શોભે છે. શ્રીહરિજી નિત્યવિધિ કરવા પધારે છે. શૌચ કરી,

આવેલા શ્રીહરિજીને જળ ને માટીથી હસ્ત-ચરણની શુદ્ધિ કરાવીને દાતણ આપવું. સુગંધી જલથી મુખ ધોવરાવવું. સુંદર બાજોઠ ઉપર શ્રીહરિજીને બેસારી, તેમનાં અંગોઅંગમાં અત્તર-સુવાસિત દ્રવ્યોથી મર્દન કરી, જળથી ભાવપૂર્વક નવરાવવા. ત્યાર બાદ ઉત્તમ વસ્ત્રો-આભૂષણો ઋતુ અનુસાર પહેરાવવા. અત્તર-કેસરચંદન લલાટને વિષે ચર્ચવું. સુગંધી પુષ્પના હાર, તોરા, ગજરા, બાજુબંધ ધરાવવાં. ધૂપદીપ અર્પણ કરવાં. સાકર-ઇલાયચી- કેસર- બદામ વગેરે નાખેલ ગરમ દૂધ પીવા માટે આપવું. દિવ્ય પકવાન નાસ્તા માટે ધરવાં. તે શ્રીહરિજી આરોગે છે ને હું પંખો નાખું છું ને સેવા કરું છું એવા ભાવથી શ્રીહરિજીને ધારવા. જમ્યા પછી જળપાન-મુખવાસ કરાવી પલંગ ઉપર વિરાજમાન કરવાં. તે વખતે મુક્તો પ્રસાદી જમીને શ્રીહરિજીની ચારેકોર બેસી દર્શન કરે છે, શ્રીહરિજી વાતોનું સુખ આપે છે. એ મૂર્તિનું હું દિવ્ય સુખ અનુભવું છું એવી ભાવના કરવી.

(૨) સવારે સાડા દસથી સાડા અગિયાર વાગ્યા સુધીમાં માનસી પૂજા કરવી. શ્રીજીમહારાજ દિવ્ય વસ્ત્ર-

આભૂષણો ધારી દિવ્ય સિંહાસનમાં બિરાજ્યા છે. જમવાનો સમય થતાં શ્રીહરિજી સ્નાન કરી પીતાંબર પહેરી, શ્વેત વસ્ત્ર ઓઢી બાજોઠ ઉપર બિરાજે છે. સોનાના થાળી-વાડકામાં શ્રીહરિજીને વિવિધ પકવાન-ફરસાણ- શાક- દાળ વગેરે દિવ્ય ભોજન પીરસી પ્રેમપૂર્વક ગદ્‌ગદ કંઠે આગ્રહ કરીને જમાડવા. સર્વે મુક્તો શ્રીહરિજીનાં દર્શન કરે છે. શ્રીજી જમીને તૃપ્ત થઈ સુગંધી જળપાન કરી મુખવાસ લઈ પલંગ ઉપર બિરાજે છે. શ્રીહરિજીનાં દર્શન, સ્પર્શરૂપ પ્રસાદ લઈ શ્રીહરિજીનું ધ્યાન કરવું.

(૩) બપોરે ચાર વાગ્યાના સમયે ત્રીજી માનસી પૂજા કરવી. યોગનિદ્રાથી દિવ્ય પલંગમાં પોઢેલા શ્રીજીમહારાજની ચારે તરફ મુક્તો બેસી દર્શન કરે છે. શ્રીહરિજી જાગૃત થતા મુક્તો 'જય! જય!' બોલી દર્શન કરે છે. શ્રીજીની મૂર્તિમાંથી તેજના તથા સુખના ફુવારા છૂટે છે. પછી મેં શ્રીહરિજીને જળનો પ્યાલો આપ્યો તેનાથી કોગળા કરી મુખશુદ્ધિ કરી શ્રીહરિજી જળપાન કરે છે. પછી લીલા-સૂકા મેવા તથા ઋતુ-અનુસાર ફળને

અંગીકાર કરે છે ને સૌને પ્રસાદી આપે છે. ઋતુ મુજબ શ્રીહરિજી ઘોડે અસવાર થઈને નદીએ સ્નાન માટે કે ફૂલવાડીએ ફરવા પધારે છે. મુક્તો સાથમાં છે. શ્રીહરિજીની અદ્‌ભુત લીલાથી સૌ અહો! અહો! ભાવને પામે છે. બાદ હું શ્રીજીની ચંદનપુષ્પથી પૂજા કરું છું ને શ્રીહરિજીનું દિવ્યસુખ અનુભવતો એ સ્વરૂપમાં થીજી જાઉં છું, એમ ભાવે કરી ધારવા.

(૪) સંધ્યા આરતી પછી ચોથી માનસી પૂજા કરવી. મહારાજાધિરાજ શ્રીજીમહારાજ દિવ્યશોભાએ યુક્ત દિવ્ય આસનમાં વિરાજ્યા છે. અનંત મુક્તો હાજર છે. હું શ્રીહરિજીની આરતી ઉતારું છું, મુક્તો દર્શન કરે છે. શ્રીજીની મૂર્તિમાંથી અતિશય સુખના બિંબ છૂટી રહ્યા છે. આરતી પછી શ્રીહરિજી સૌને છાતીમાં પોતાનાં ચરણારવિંદ આપે છે. મને પણ આપી ન્યાલ કરે છે ને અતિ રાજી થઈને મળે છે. પછી શ્રીહરિજી વાળુ કરવા બાજોઠ ઉપર બેસે છે. ખીચડી- કઢી- ભાખરી- શાક- દૂધ- ઘી વગેરે નૈવેદ્ય ધરેલાં દિવ્ય ભોજન શ્રીજી જમે છે. પછી ચળુ કરી જળપાન કરી મુખવાસ ગ્રહણ કરી પલંગ

ઉપર બિરાજે છે. મુક્તો સૌ શ્રીજીના સુખમાં ગુલતાન છે ને હું પણ તેમાં સુખ લઈ રહ્યો છું.

(૫) શયન આરતી પછી છેલ્લી માનસી પૂજા કરવી. શ્રીજીમહારાજ સુંદર કઢેલું દૂધ, બદામની પૂરી, મગજ વગેરે જમી જળપાન કરે છે. ત્યાર બાદ શ્રીહરિ ગાદલું, ઓસીકાં ને ગાલમશૂરિયાં સહિત સુખશય્યામાં શયન કરીને યોગનિદ્રા અંગીકાર કરે છે. શ્રીહરિજી મારા હૃદયાકાશમાં પ્રેમરૂપ ઢોલિયામાં શયન કરી અક્ષરધામરૂપ મારા આત્મામાં જ અખંડ વિરાજમાન થાય છે. હું એ મૂર્તિમાં રસબસ જોડાઈ રહ્યો છું, અથવા સમીપે સેવામાં રહી પગચંપી કરું છું એમ ધારવું.

પાંચે વખતની માનસી પૂજા શ્રીહરિજીના મહિમાપૂર્વક પ્રેમથી અને પ્રત્યક્ષભાવે કરવી. યંત્રવત્ કે શુષ્ક મને ન કરવી. આવી રીતે પ્રેમપૂર્વક માનસી પૂજા કરનારા ઉપર શ્રીહરિજી ખૂબ પ્રસન્ન થાય છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન

કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

ભગવાનને ગમે તેવી ક્રીયા કરવી;
તેમને ન ગમે તેવી ક્રીયા ન કરવી.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com